ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NC. 15069/1968

VOL. : 58 / ISSUE-08 / FEBRUARY 2026



## સુરત ઇન્ટરનેશનલ ટેક્ષટાઇલ એન્ડ મશીનરી એક્ષ્પો- SITME 2026

## ફૂડ એન્ડ બેવરેજીસ, SGCCI ગ્લોબલ વિલેજ અને વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશન



SGCCI

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

ACT WITH ONE MIND

# ACTIVITIES OF SGCCI

Signature BUSINESS CLUB

SGCCI GLOBAL CONNECT

SBC SGCCI BUSINESS CONNECT support & promote...

SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE सा विद्या या विमुक्तये SESDC SGCCI EDUCATION HUB

GFRRC GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE (An Initiative of SGCCI)

SGCCI WOMEN ENTREPRENEUR CELL

GOLDEN JUBILEE AWARDS

કાયમી સમાધાન પંચ

NCGF CENTRE SURAT

SOUTH GUJARAT PRODUCTIVITY COUNCIL SGPC

SURAT CITYZEN'S COUNCIL TRUST SCCT

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર સમૃદ્ધિ

SGCCI infozine e-newsletter - Monthly

## ચેમ્બરના હોદ્દેદારો

**નિખિલ મદ્રાસી**
પ્રમુખ

**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ

**વિજય મેવાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ

**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી

**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી

તંત્રી
**અમરિષ ભટ્ટ**

સહતંત્રી
**વિપુલ સાચપરા**

એડિટોરિયલ એન્ડ કો-ઓર્ડિનેટર
**જિતેન્દ્ર પારધી (પવાર)**



પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી**
છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડિંગ, SIECC કેમ્પસ,
ચેમ્બર ઓફ કોમર્સ રોડ, ખજોદ ચાર રસ્તા પાસે,
સરસાણા, સુરત-395007, ગુજરાત, ભારત.
ફોન : +91-261-2291111
(E) info@sgcci.in (w) www.sgcci.in

**સંપર્ક : ધર્નેન્દ્ર પાટીલ, સેક્રેટરી**



સમૃદ્ધિમાં પ્રસિદ્ધ થતા વક્તા કે લેખકોના વિચારો સાથે ચેમ્બર સહમત છે એમ સમજવું નહિ.


# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | સરસાણા ખાતે અદ્યતન ટેક્ષ્ટાઇલ મશીનરીઓનું સૌથી વિશાળ પ્રદર્શન 'સીટમે- ૨૦૨૬' યોજાયું | 05 |
| 02 | સીટમે- ૨૦૨૬ એક્ઝિબિશનથી ટેક્ષ્ટાઇલની અદ્યતન મશીનરીમાં રૂપિયા ૮૫૦ કરોડથી વધુનું રોકાણ આવવાની સંભાવના | 07 |
| 03 | ચેમ્બર દ્વારા સરસાણા ખાતે ફૂડ એન્ડ બેવરેજીસ, SGCCI ગ્લોબલ વિલેજ અને વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશન યોજાયાં | 08 |
| 04 | ફૂડ એન્ડ બેવરેજીસ, SGCCI ગ્લોબલ વિલેજ તથા વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશનને ખરીદદારોનો જબરજસ્ત પ્રતિસાદ | 11 |
| 05 | વેપાર-ઉદ્યોગમાં ડિજિટલ ટેકનોલોજીથી ગ્રોથ વિષે કાર્યક્રમ | 12 |
| 06 | MSME એકમો માટે 'ક્રેડિટ ગેરંટી સ્કીમ્સ' પર કાર્યક્રમ | 13 |
| 07 | 'રાજનીતિનું ગણિત' | 16 |
| 08 | 'પ્રેમનું ગણિત' | 17 |
| 09 | 'આનંદનું ગણિત' | 18 |
| 10 | 'ધર્મનું ગણિત' | 19 |
| 11 | 'લાગણીનું ગણિત' | 20 |
| 12 | 'આરોગ્યનું ગણિત' | 21 |
| 13 | 'મનોજગત - તમારી સમસ્યાઓનું સમાધાન' | 22 |
| 14 | ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની ભારત સરકારની રિજિયોનલ ડાયરેક્ટ ટેક્ષ એડવાઇઝરી કમિટીમાં ટ્રેડ પ્રતિનિધિ તરીકે નિમણૂંક | 23 |
| 15 | વિદ્યાર્થીઓમાં રોડ સેફ્ટી અંગે જાગૃતિ લાવવા પોલીસ કન્ટ્રોલ રૂમની શૈક્ષણિક મુલાકાત | 24 |
| 16 | ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને 'જીતો'ના સ્વયં વિંગ દ્વારા સંયુક્ત રીતે ફેસ ટુ ફેસ બિઝનેસ મિટીંગ | 25 |
| 17 | 'કેન્સર જાગૃતિ અને નિવારણ' વિષય પર સત્ર | 26 |
| 18 | ચેમ્બર દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કોન્ક્લેવ ૨૦૨૬ | 27 |
| 19 | એસબીસી ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રિમિયર લીગ ૪.૦ | 29 |
| 20 | ચેમ્બરના લેડીઝ વીંગ દ્વારા નેશનલ વુમન કોન્ક્લેવ ૨૦૨૬ યોજાયો | 31 |
| 21 | ટેક્સટાઇલ ઉદ્યોગમાં કલર પ્રિસિઝન માટે પેન્ટોન ટૂલ્સના ઉપયોગ અંગે સેમિનાર | 34 |
| 22 | NRI મેરેજ અવેરનેસ સેમિનાર | 35 |
| 23 | MSMEના ઉત્થાન માટે FICCI અને SGCCI દ્વારા 'એમ્પાવર MSME સમિટ 2026' | 38 |
| 24 | સાંધાના દુખાવા અને ઓટો ઇમ્યુન રોગો અંગે જાગૃતિ સેમિનાર | 40 |
| 25 | ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતોને રેગ્યુલરાઇઝ કરાવવા ચેમ્બરની ગાંધીનગર ખાતે રાજ્ય સરકારને રજૂઆત | 41 |
| 26 | આંતરરાષ્ટ્રીય વેપારમાં કાર્ગોની સુરક્ષા માટે મરીન ઇન્શ્યોરન્સ અનિવાર્ય: ચેમ્બર દ્વારા માહિતીસભર સેમિનાર યોજાયો | 42 |
| 27 | સુરત કે સિતારે: શાર્ક ટેન્ક ઇન્ડિયામાં ચમકેલા સુરતના યુવા સાહસિકોએ શેર કરી સફળતાની ગાથા | 44 |
| 28 | ચેમ્બરે કેન્દ્ર સરકારને પ્રિ-બજેટ મેમોરેન્ડમ માટે મહત્વના ૧૫ સૂચનો મોકલ્યા હતા | 45 |
| 29 | ગુજરાતમાં ઇનબાઉન્ડ ટુરિઝમની તકો અને વૃદ્ધિ અંગે વિશેષ સત્ર | 47 |
| 30 | 21મી સદીમાં યોગનું મહત્વ પર વિશેષ સત્ર | 49 |
| 31 | કેન્સર અને અંગ પ્રત્યારોપણ અંગે જાગૃતિ સેશન | 52 |
| 32 | ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી | 53 |
| 33 | ચેમ્બર ઓફ કોમર્સ અને ટર્નિંગ પોઇન્ટ કોમ્યુનિટી દ્વારા 'યુથ કોન્ક્લેવ ૨૦૨૬' યોજાયો | 55 |
| 34 | IPR દ્વારા સુરતના MSMEને સશક્ત બનાવવાનો પ્રયાસ | 58 |
| 35 | MSME અને લાર્જ એન્ટરપ્રાઇઝ માટે સાયબર સિક્યુરિટી અંગે જાગૃતિ સેશન | 59 |


**સમૃદ્ધિના અંક વિશેનો આપનો અભિપ્રાય આવકાર્ય છે**

# ચેમ્બરના હોદ્દેદારો



**નિખિલ મદ્રાસી**
પ્રમુખ



**અશોક જીરાવાલા**
ઉપપ્રમુખ



**વિજય મેવાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ



**બિજલ જરીવાલા**
માનદ્ મંત્રી



**CA મિતિષ મોદી**
માનદ્ ખજાનચી



# સરસાણા ખાતે અદ્યતન ટેક્ષ્ટાઈલ મશીનરીઓનું સૌથી વિશાળ પ્રદર્શન 'સીટમે– ૨૦૨૬' યોજાયું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઈડરી એસોસિએશનના સંયુકત ઉપક્રમે તા. ૯, ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ એન્ડ મશીનરી એક્ષ્પો – સીટમે ૨૦૨૬' સફળતાપૂર્વક યોજાયો હતો.

તા. ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. સુરતના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. સૌરભ પારધી ઉદ્‌ઘાટક તરીકે પધાર્યા હતા અને તેમના વરદ્‌ હસ્તે સીટમે– ૨૦૨૬નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફેડરેશન ઓફ સુરત ટેક્ષ્ટાઈલ ટ્રેડર્સ એસોસિએશન (ફોસ્ટા)ના પ્રમુખ શ્રી કૈલાશ હકીમ અને અજમેરા ફેશન્સ લિમિટેડના સીઈઓ એન્ડ ફાઉન્ડર શ્રી અજય અજમેરા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ









**ઉદ્યોગ સાહસિકોને સંબોધતા સુરતના કલેક્ટર ડો. સૌરભ પારધી**

## સુરતના વિકાસમાં ટેક્ષ્ટાઇલનું મોટું યોગદાન છે, સીટમે એક્ઝિબિશન થકી ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનો સર્વાંગી વિકાસ શક્ય થશે : કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. સૌરભ પારધી

સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ ખેતી બાદ દેશનો સૌથી વધુ રોજગારી આપતો ઉદ્યોગ છે. સુરત શહેરમાં આશરે ૨૪ લાખ લોકોને ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ દ્વારા રોજગારી પ્રાપ્ત થઈ રહી છે. સુરતમાં અંદાજે ૨ લાખ એમ્બ્રોઇડરી મશીનો કાર્યરત છે, જેના માધ્યમથી મહિલા સશક્તિકરણને વિશેષ પ્રોત્સાહન મળી રહ્યું છે. હાલ અંદાજે ૨ લાખથી વધુ મહિલાઓ એમ્બ્રોઇડરી સેક્ટર સાથે જોડાયેલી છે. તેમણે કહ્યું કે, સીટમે એક્ઝિબિશન માટે પ્રથમ વખત બે ડોમ પણ ઓછા પડ્યા હતા, જે ઉદ્યોગકારોની ઉત્સાહપૂર્ણ ભાગીદારી દર્શાવે છે.

સુરતના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. સૌરભ પારધીએ જણાવ્યું હતું કે, સુરતના સર્વાંગી વિકાસમાં ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં એમ્બ્રોઇડરી સેક્ટરે વિશેષ ભૂમિકા ભજવી છે. આ એક્ઝિબિશનમાં ટેક્ષ્ટાઇલ ક્ષેત્રની અદ્યતન ટેકનોલોજી અને આધુનિક મશીનરીનું વિશાળ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે, જેનાથી ઉદ્યોગકારોને નવી ટેકનોલોજી અપનાવવાની તક મળશે અને તેના થકી ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનો સર્વાંગી વિકાસ શક્ય બનશે. કલેક્ટર ડો. પારધીએ વધુમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય કક્ષાના આ એક્ઝિબિશનને ઉદ્યોગ જગત તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળશે અને આ એક્ઝિબિશન સુરતની ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીને વધુ સશક્ત બનાવશે.

સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના જોઈન્ટ સેક્રેટરી શ્રી સંજય ઝાએ જણાવ્યું હતું કે, ભારતના સૌથી વિશાળ ટેક્ષ્ટાઇલ મશીનરીના એક્ઝિબિશનમાં બે ડોમ સંપૂર્ણ રીતે ભરાઈ ગયા છે. આ એક્ઝિબિશનમાં એમ્બ્રોઇડરી મશીનરીની ૧૦૦થી વધુ અગ્રણી બ્રાન્ડ્સ એક જ છત નીચે પ્રદર્શિત કરવામાં આવી રહી છે, જે ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. તેમણે



**ઉદ્યોગ સાહસિકોને સંબોધતા ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા**

કહ્યું કે, છેલ્લા વીસ વર્ષમાં એમ્બ્રોઇડરી સેક્ટરે નોંધપાત્ર વિકાસ કર્યો છે અને આજે આ ક્ષેત્ર નવી ઊંચાઈઓ સુધી પહોંચી ગયું છે.

ચેમ્બરના ઓલ એક્ઝિબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમરે ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના પ્રમુખ શ્રી મનોહર ટેકચંદાની તથા સભ્યો, ચેમ્બરના પૂર્વ પ્રમુખ સીએ પી.એમ. શાહ, ઓલ એક્ઝિબિશન્સના કો-ચેરમેન શ્રી નિરવ માંડલેવાલા અને એક્ઝિબિટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

સરસાણા ખાતે સીટમે એક્ઝિબિશનમાં ૬૬ એક્ઝિબીટર્સે ભાગ લીધો હતો, જેમાં સુરત ઉપરાંત અમદાવાદ, નવી દિલ્હી, પૂણે, રાજકોટ, ઠાણે અને વલસાડના એક્ઝિબિટર્સનો સમાવેશ થાય છે. આ એક્ઝિબિશનમાં એમ્બ્રોઇડરી મશીનરી સહિત પાર્ટ્સ, દોરા, ધાગા અને બીડ્સ તેમજ અન્ય આનુસંગિક પ્રોડક્ટ પણ પ્રદર્શિત થઇ હતી.

સુરતમાં સીટમે એક્ષ્પોમાં પ્રથમ વખત પોઝિશન એમ્બ્રોઇડરી મશીનરી લોન્ચ કરવામાં આવી હતી. આ મશીનરીથી હેન્ડ વર્ક અને ખાટલી વર્કનું કામ શક્ય બનશે, જે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના વિવિધ સેગમેન્ટો જેવા કે પોઝિશન પ્રિન્ટીંગ, એમ્બ્રોઇડરી, જેકાર્ડ અને શિફલી સેગમેન્ટના ડેવલપમેન્ટ માટે મહત્વની ભૂમિકા ભજવશે.

એમ્બોઇડરી બીડ્સ મશીનરી માટે ખાસ બનાવવામાં આવેલા બીડ્સ નાયલોન તારને ભારતભરમાં સુરત ખાતે સીટમે એક્ઝિબિશનમાં પ્રથમ વખત લોન્ચ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આ એક્ઝિબિશનમાં સિંગલ હેડ એમ્બ્રોઇડરી મશીન પર માયા જરદોશી ડિવાઇસ સાથે લાઇવ ડેમો રજૂ કરાયો હતો.

# સીટમે– ૨૦૨૬ એક્ઝિબિશનથી ટેક્ષ્ટાઇલની અદ્યતન મશીનરીમાં રૂપિયા ૮૫૦ કરોડથી વધુનું રોકાણ આવવાની સંભાવના

ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ‘સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એન્ડ મશીનરી એક્ષ્પો- સીટમે ૨૦૨૬’ને દેશભરમાંથી બાયર્સ, ટ્રેડર્સ અને વેપારીઓનો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો. સીટમે પ્રદર્શનમાં પ્રથમ દિવસથી જ બાયર્સનો ધસારો જોવા મળ્યો હતો. પ્રથમ દિવસે ૭૦૮૨, બીજા દિવસે ૧૧૭૮૬, ત્રીજા દિવસે ૧૫૨૮૦ અને આજે ચોથા દિવસે ૪૮૬૦ મળી ચાર દિવસમાં કુલ ૩૯૦૦૮ બાયર્સ, ટ્રેડર્સ અને વેપારીઓએ સીટમેની મુલાકાત લઇ તેને ભવ્ય સફળતા અપાવી છે.

સીટમે એક્ઝિબિશનમાં એમ્બ્રોઇડરી સહિત ટેક્ષ્ટાઇલ મશીનરીની ૧૦૦ બ્રાન્ડની ૨૦૦ જેટલી મશીનરીઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં રૂપિયા ૫ લાખથી લઇને રૂપિયા ૬૦ લાખ સુધીની મશીનરીનું પ્રદર્શન કરાયું હતું, જેમાં પાર્ટીસિપેટ કરનારા ૬૦ એક્ઝિબિટર્સને ૨૮થી ૩૦ મશીનરીઓના ઓર્ડર આગામી એકાદ – બે મહિનામાં મળી જશે તેવું તેમના





તરફથી જાણવા મળ્યું હતું.

એક એક્ઝિબિટરના જણાવ્યા મુજબ, તેમને પોતાના સ્ટોલ પર એમ્બ્રોઇડરીની ચાર અદ્યતન મશીનરી પ્રદર્શન માટે મુકી હતી. જેમાં રૂપિયા ૨૫ લાખ, રૂપિયા ૪૦ લાખ અને રૂપિયા ૬૦ લાખની મશીનરીનો સમાવેશ થયો હતો. આ એક્ઝિબિશનમાં ભાગ લેવાને કારણે તેમનો દેશના જુદા-જુદા શહેરમાંથી આવેલા બાયર્સની સાથે સીધો સંપર્ક થયો હતો, જેને કારણે તેમની મશીનરીની જે જેન્યુન ઈન્વાયરી જનરેટ થઇ હતી તે મુજબ એકાદ મહિનામાં તેમને કુલ ૨૫ જેટલી મશીનરીના ઓર્ડર મળી જશે.

એમ્બ્રોઇડરી મશીનરી અને ડિજીટલ પ્રિન્ટીંગ મશીનરીમાં દર વર્ષે નવી ટેકનોલોજી અપગ્રેડ થઇ રહી છે. જૂની મશીનરીવાળા ઉદ્યોગપતિઓ હવે નવી ટેકનોલોજીમાં રોકાણ કરે છે, આથી આગામી છ મહિનામાં હજારોની સંખ્યામાં નવા મશીન વેચાઇ જવાની આશા એક્ઝિબિટર્સ તરફથી વ્યકત કરવામાં આવી હતી. જેને પગલે સુરતમાં ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીને ડેવલપ થવા વધુ ગતિ મળશે. ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો ડોમેસ્ટીક માર્કેટમાં તેઓની પ્રોડકટ વેચી જ રહ્યા છે પણ હવે તેઓ વૈશ્વિક માર્કેટમાં પ્રોડક્ટને એક્ષ્પોર્ટ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. આથી દેશભરમાંથી જેન્યુન બાયર્સ એક્ઝિબિશનની મુલાકાતે આવ્યા હતા.



# ચેમ્બર દ્વારા સરસાણા ખાતે ફૂડ એન્ડ બેવરેજીસ, SGCCI ગ્લોબલ વિલેજ અને વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશન યોજાયાં





**શ્રી નિખિલ મદ્રાસી**
ચેમ્બરના પ્રમુખ



**સુશ્રી અનારબેન પટેલ**
ખોડલધામ સંગઠનના અધ્યક્ષ



**શ્રી શેન ગેટ્સન**
અલ્બર્ટા ઇકોનોમિક કોરિડોર કેનેડાના MLA ચેર



**સુશ્રી જેકી લવલી**
અલ્બર્ટા કેનેડાના MLA



**શ્રી રાજ મોદી**
ઝિમ્બાબ્વેના ઉદ્યોગ અને વાણિજ્યના ડેપ્યુટી મિનિસ્ટર



**ડૉ. ફેન્યો બુટાલે**
બોત્સ્વાનાના આંતરરાષ્ટ્રીય સંબંધોના મંત્રી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક સુધી સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ‘ફૂડ એન્ડ બેવરેજીસ’, ‘SGCCI ગ્લોબલ વિલેજ’ અને ‘વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશન’નું સંયુક્ત આયોજન કરવામાં આવ્યું હતું.

શનિવાર, તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે ત્રણેય એક્ઝિબિશનનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો, જેમાં ઉદ્‌ઘાટક તરીકે ખોડલધામ સંગઠનના અધ્યક્ષ અને ક્રાફટરૂટ્સ - ક્રાફટીંગ સ્ટોરીઝ, સ્ટીચિંગ કલ્ચર્સના સ્થાપક અને ડિરેક્ટર સુશ્રી અનારબેન પટેલ પધાર્યા હતા અને તેમણે એક્ઝિબિશનોનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

ઉદ્‌ઘાટન સમારોહમાં સ્પેશ્યલ ગેસ્ટ તરીકે અલ્બર્ટા ઈકોનોમિક કોરિડોર કેનેડાના MLA ચેર શ્રી શેન ગેટ્સન, બોત્સ્વાનાના આંતરરાષ્ટ્રીય સંબંધોના મંત્રી ડૉ. ફેન્યો બુટાલે અને ઝિમ્બાબ્વેના ઉદ્યોગ અને વાણિજ્યના માનનીય ડેપ્યુટી મિનિસ્ટર શ્રી રાજ મોદી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અલ્બર્ટા કેનેડાના MLA સુશ્રી જેકી લવલી, નેશનલ MSME બોર્ડના ડિરેક્ટર શ્રી પ્રદીપ પેશકર, ઘાના ફ્રી ઝોન્સ ઓથોરિટીના CEO ડૉ. મેરી અવુસી અને KREMAG એસોસિએશનના ઉપપ્રમુખ શ્રી ઈશ્વર પરમારે અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું. ભારત સ્થિત સાઈપ્રસ રિપબ્લિકના ઓનરરી કોન્સુલ જનરલ શ્રી વિરાજ કુલકર્ણી અતિથિ વિશેષ તરીકે ઓનલાઈન જોડાયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત વ્યક્તિઓની હાજરીથી ત્રણેય એક્ઝિબિશનો સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓ માટે વૈશ્વિક વેપાર, રોકાણ અને સહકારની નવી તકો સર્જવાનો મહત્વપૂર્ણ મંચ બની રહેશે. આ એક્ઝિબિશનોમાં ઉદ્યોગ સાહસિકો, ઉત્પાદકો અને વેપારીઓને નવા બિઝનેસ અવસરો મળશે. વિવિધ દેશો તેઓના ઉત્પાદનો અને વ્યાપારિક શક્યતાઓને એક મંચ પર રજૂ કરી શકશે. સાથે જ મહિલાઓને સ્વરોજગાર, ઇનોવેશન અને નેતૃત્વ માટે પ્રોત્સાહન મળશે.

ઉદ્‌ઘાટક સુશ્રી અનારબેન પટેલે જણાવ્યું હતું કે, હાર્ડકોર બિઝનેસની વચ્ચે મહિલાઓને મુખ્ય પ્રવાહમાં સ્થાન આપવું અત્યંત પ્રશંસનીય છે. ચેમ્બર મહિલા સશક્તિકરણને વિશેષ પ્રાધાન્ય આપે છે, જેના પરિણામે મહિલા સાહસિકોને પ્રોત્સાહન મળશે. આ પ્રસંગે તેમણે ઉપસ્થિત સૌને મહિલા ઉદ્યોગ સાહસિકોના સ્ટોલ પરથી



**શ્રી પ્રદીપ પેશકર**
નેશનલ MSME બોર્ડના ડિરેક્ટર



**શ્રી અશોક જીરાવાલા**
ચેમ્બરના ઉપપ્રમુખ



**સીએ શ્રી મિતિષ મોદી**
ચેમ્બરના માનદ્ ખજાનચી



**શ્રીમતી મયુરીબેન મેવાવાલા**
ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન



**શ્રી કે.બી. પિપલીયા**
ફૂડ એન્ડ બેવરેજીસ એક્ષ્પોના ચેરમેન



**શ્રી સંજય પંજાબી**
SGCCI ગ્લોબલ વિલેજના ચેરમેન



## આંતરરાષ્ટ્રીય મહેમાનોની ઉપસ્થિતિમાં ખોડલધામ સંગઠનના અધ્યક્ષ સુશ્રી અનારબેન પટેલના હસ્તે ત્રણેય એક્ઝિબિશનોનું ઉદ્‌ઘાટન થયું

ખરીદી કરીને તેમને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી. સાથે જ તેમણે એક્ઝિબિશનમાં એગ્રો અને ક્રાફ્ટ સેક્ટરને પણ મહત્વ આપવા સૂચન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, ભારતમાં બેથી અઢી કરોડ લોકો ક્રાફ્ટ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. આ ક્ષેત્રના વિકાસ માટે દેશમાં ક્રાફ્ટ યુનિવર્સિટી સ્થાપવાની દિશામાં તેઓ પ્રયાસ કરી રહ્યા છે.

હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા કરાયેલા અભ્યાસનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં બિઝનેસ સફળતાપૂર્વક કરવા માટે ઇન્ડિયન માઇન્ડસેટને સમજી લેવું અત્યંત જરૂરી છે, કારણ કે અહીં મદદ કરવાની ભાવના વ્યાપક રીતે જોવા મળે છે. સાથે જ ભારતમાં સંબંધોને ખૂબ મહત્વ આપવામાં આવે છે અને આ બાબત બિઝનેસમાં પણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે, ચેમ્બર દ્વારા એકજ છત નીચે ત્રણ અલગ-અલગ એક્ઝિબિશનોનું આયોજન અને એમાં આંતરરાષ્ટ્રીય મહેમાનોની ઉપસ્થિત એ તેઓની કાબિલિયત દર્શાવે છે.

અલ્બર્ટા ઇકોનોમિક કોરિડોર કેનેડાના MLA ચેર શ્રી શેન ગેટ્સને જણાવ્યું હતું કે, ભારતીય ઉદ્યોગ સાહસિકો સાથે સીધા સંપર્કમાં આવવા સુરત આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, ભારત સાથે કેનેડાના વ્યાપારિક સંબંધો સતત મજબૂત બની રહ્યા છે અને અલ્બર્ટા પ્રાંતમાં ઇન્વેસ્ટમેન્ટ, એગ્રી-બિઝનેસ, ફૂડ પ્રોસેસિંગ, એનર્જી તથા ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં વિશાળ તકો ઉપલબ્ધ છે. આવા એક્ઝિબિશન દ્વારા બંને દેશોના ઉદ્યોગકારોને નેટવર્કિંગ અને સહયોગ માટે ઉત્તમ પ્લેટફોર્મ મળે છે, જેનાથી ભવિષ્યમાં દ્વિપક્ષીય વેપારને નવી દિશા મળશે.

બોત્સ્વાનાના આંતરરાષ્ટ્રીય સંબંધોના મંત્રી ડો. ફેન્યો બુટાલેએ સુરતના ઉદ્યોગ સાહસિકોને બોત્સ્વાના ખાતે રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, બોત્સ્વાના રાજકીય રીતે સ્થિર દેશ છે અને વ્યવસાય માટે અનુકૂળ નીતિઓ માટે ઓળખાય છે. ખનિજ, એગ્રીકલ્ચર, ડાયમંડ, ફૂડ પ્રોસેસિંગ, ટૂરિઝમ અને મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોમાં વિશાળ તકો ઉપલબ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. ભારત અને બોત્સ્વાના વચ્ચે મજબૂત દ્વિપક્ષીય સંબંધો હોવાના કારણે સુરતના ઉદ્યોગ સાહસિકો માટે બોત્સ્વાના એક વિશ્વસનીય અને લાભદાયી રોકાણ માટેનું સ્થળ બની શકે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ઝિમ્બાબ્વેના ઉદ્યોગ અને વાણિજ્યના માનનીય ડેપ્યુટી મિનિસ્ટર શ્રી રાજ મોદીએ સુરતના વ્યવસાયિકોને ઝિમ્બાબ્વે ખાતે ઉદ્યોગોની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

નેશનલ MSME બોર્ડના ડિરેક્ટર શ્રી પ્રદીપ પેશકરે MSME મંત્રાલય દ્વારા ઉદ્યોગોને આપવામાં આવતી વિવિધ યોજનાઓની વિગતવાર માહિતી આપી ઉદ્યોગ સાહસિકોને ડિફેન્સ સેક્ટરમાં મેન્યુફેક્ચરિંગ માટે આગળ આવવા જણાવ્યું હતું.

ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશન અંગે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વુમન આંત્રપ્રિન્યોર

**હાર્ડકોર બિઝનેસની વચ્ચે મહિલાઓને મુખ્ય પ્રવાહમાં સ્થાન આપવું અત્યંત પ્રશંસનીય બાબત છે, ચેમ્બર મહિલા સશક્તિકરણને વિશેષ પ્રાધાન્ય આપે છે, જેના પરિણામે મહિલા સાહસિકોને પ્રોત્સાહન મળશે : સુશ્રી અનારબેન પટેલ**

એક્ઝિબિશનમાં ૧૧૦ મહિલા સાહસિકોએ ભાગ લીધો છે. અહીં તેઓ હેલ્થ, કન્ઝયુમર ડયુરેબલ્સ, રેડીમેડ ગારમેન્ટ્સ, ફેશન અને ફિટનેસ ઈકિવપમેન્ટ્સ, સ્કિન અને હેલ્થ કેર, હેન્ડલૂમ અને હેન્ડીક્રાફટ, ડ્રેસ મટિરિયલ્સ, ફેશન એકસેસરીઝ, પરંપરાગત વસ્ત્રો અને સાડીઓ, જ્વેલરી, ઈન્ટિરિયર ડેકોરેશન આઈટમ્સ, ડિઝાઈનર લાઉન્જ તેમજ ફૂડ એન્ડ બેવરેજીસ જેવા વિવિધ સેગમેન્ટ્સની પ્રોડકટનું પ્રદર્શન કરી રહી છે.

ફૂડ એન્ડ બેવરેજીસ એક્ષ્પોના ચેરમેન શ્રી કે.બી. પિપલીયાએ ફૂડ એન્ડ બેવરેજીસ એક્ઝિબિશનની વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે, આ એક્ષ્પોમાં ૧૬૫ એક્ઝિબિટર્સોએ ભાગ લીધો છે, જેમાં ફુડ પ્રોસેસિંગ ક્ષેત્રે ફુડ પ્રોસેસિંગ ઈક્વિપમેન્ટ્સ એન્ડ મશીનરી, પેકેજિંગ મશીનરી એન્ડ મટિરિયલ્સ, કોલ્ડ ચેઈન ઈક્વિપમેન્ટ એન્ડ રેફ્રીજરેશન એપ્લાયન્સિસ, વેર હાઉસિંગ એન્ડ કાર્ગો હેન્ડલીંગ, ફુડ ટેસ્ટીંગ લેબોરેટરીઝ, ઈન્સ્યુરન્સ એજન્સીઝ, ફાયનાન્શિયલ સોલ્યુશન્સ, ડ્રાયડ, ફ્રોઝન ફુડ, બેકરી એન્ડ ગ્રોસરીઝ, બેવરેજ, ફુડ પાર્કસ અને કન્ઝયુમર પેકેજડ ગુડ્સનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

SGCCI ગ્લોબલ વિલેજના ચેરમેન શ્રી સંજય પંજાબીએ ગ્લોબલ વિલેજ એક્ઝિબિશન વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, SGCCI ગ્લોબલ વિલેજ એક્ઝિબિશનમાં દુબઈ, ઓસ્ટ્રેલિયા, જાપાન, થાઈલેન્ડ અને અફઘાનિસ્તાનના એક્ઝિબિટર્સ ભાગ લીધો હતો. દુબઈના એક્ઝિબિટર્સ રિયલ એસ્ટેટ અને ટુરિઝમ, ઓસ્ટ્રેલિયાના એક્ઝિબિટર્સ વિઝા પ્રોસેસ ઉપરાંત કાઉન્સીલ સર્વિસ – સેવાઓનું તથા અફઘાનિસ્તાનના એક્ઝિબિટર્સ ડ્રાય ફ્રૂટ, મસાલા અને કાર્પેટનું પ્રદર્શન કરી રહ્યા છે. જાપાનના એક્ઝિબિટર્સ લોજિસ્ટીકસ અને કુરિયર સર્વિસિસનું પ્રદર્શન કરી રહ્યા છે. આ ઉપરાંત વસુધૈવ કુટુંમ્બકમ કોન્સેપ્ટ થકી સેલ્ફ હેલ્થ ગૃપ તથા ગુજરાત, મહારાષ્ટ્ર અને ખાસ કરીને ભુજથી ૧૨થી વધુ સ્ટોલ રાખવામાં આવ્યા છે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ચેમ્બરના ઓલ એક્ઝિબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર અને કો-ચેરમેન શ્રી નિરવ માંડલેવાલા, એક્ઝિબિટર્સ, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતા.

## ફૂડ એન્ડ બેવરેજીસ, SGCCI ગ્લોબલ વિલેજ તથા વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશનને ખરીદદારોનો જબરજસ્ત પ્રતિસાદ

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, એક્ઝિબિશનના શનિવારે પ્રથમ દિવસે કુલ ૫૭૮૦, રવિવારે બીજા દિવસે કુલ ૧૨૩૪૦ અને સોમવારે ત્રીજા દિવસે ૧૧૫૬૦ લોકોએ એક્ઝિબિશનની મુલાકાત લઈ વિવિધ ઉત્પાદનોની ખરીદી કરી હતી, જેમાં સુરત બહારથી આવેલા ૨૦૮૦ મુલાકાતીઓનો સમાવેશ થાય છે. આવી રીતે ત્રણ દિવસમાં કુલ ૨૯૬૮૦ લોકોએ એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી. વિશાળ સંખ્યામાં આવેલા મુલાકાતીઓના કારણે પ્રદર્શનમાં ભાગ લેનારા એક્ઝિબિટર્સને ઉત્તમ વ્યાવસાયિક પ્રતિસાદ મળ્યો હતો.

ખાસ કરીને ફૂડ એન્ડ બેવરેજીસ સેક્ટર, બેકરી પ્રોડકટ્સ, હોમ ડેકોર, ફેશન તથા લાઈફસ્ટાઈલ ઉત્પાદનોને ખરીદદારો તરફથી વિશેષ પસંદગી મળી હતી. બેકરી પ્રોડકટ્સમાં 'બાય વન ગેટ વન ફ્રી' જેવી આકર્ષક સ્કીમ્સના કારણે એક્ઝિબિટર્સના સ્ટોલ્સ પર ત્રણેય દિવસ સતત ભીડ જોવા મળી હતી.

સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌતે એમના પત્ની સાથે એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી. એવી











જ રીતે સુરત શહેર ભાજપના પ્રમુખ શ્રી પરેશ પટેલે પણ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. રવિવારે અને સોમવારે ભારે ભીડને કારણે એક્ઝિબિશનનો સમય રાત્રે ૮ વાગ્યા સુધી એક કલાક વધારવામાં આવ્યો હતો, જેથી કરીને પરિવારો સાથે આવેલા ખરીદદારોને ખરીદી કરવાની તક મળી હતી.

વુમન આંત્રપ્રિન્યોર એક્ઝિબિશનમાં ભાગ લેનારી મહિલા ઉદ્યોગ સાહસિકોને પણ ખરીદદારો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલા હેન્ડમેડ, ફેશન, ફૂડ અને લાઈફસ્ટાઇલ પ્રોડક્ટ્સને વિશેષ પસંદગી મળી હતી. ચેમ્બર દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રાધાન્ય આપવામાં આવતા મહિલા સશકિતકરણને પ્રોત્સાહન મળ્યું હોવાનું સ્પષ્ટ રીતે જોવા મળ્યું હતું. મહિલા સાહસિકોને વ્યાવસાયિક રીતે સશક્ત બનાવવાની દિશામાં આ એકિઝબિશન મહત્વપૂર્ણ સાબિત થયું હતું.

એસજીસીસીઆઇ ગ્લોબલ વિલેજ એક્ષ્પોમાં અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, દુબઈ અને જાપાનના એકિઝબિટર્સને પણ ખરીદદારોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો. એક્ષ્પોમાં ભાગ લેનારા આ ચારેય દેશો ઉપરાંત કેનેડા, બોત્સ્વાના, ઝિમ્બાબ્વે, ટ્યુનિશિયા, ઈથોપિયા, સાઇપ્રસ, ઘાના અને લિસોટો સહિતના દેશોમાંથી આવેલા વિદેશી વિઝિટર્સે પણ એકિઝબિશનોની મુલાકાત લીધી હતી. અફઘાનિસ્તાનના એકિઝબિટર્સ દ્વારા રજૂ કરવામાં આવેલા ડ્રાય ફૂડના યુનિક પ્રોડકટ્સને ખરીદદારો તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

# વેપાર-ઉદ્યોગમાં ડિજિટલ ટેકનોલોજીથી ગ્રોથ વિષે કાર્યક્રમ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના સહયોગથી પ્રગતિની સાથે પ્રોડક્ટિવિટી પ્રોગ્રામ સિરિઝ અંતર્ગત શુક્રવાર, તા. ૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંહતિ, સરસાણા સુરત ખાતે વેપાર-ઉદ્યોગમાં ડિજિટલ ટેકનોલોજીથી ગ્રોથ વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એક્ષ્પર્ટ શ્રી અમિત સલુજાએ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી અમિત સલુજાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગ – વ્યવસાયમાં મશીનનો આઉટ પુટ કેટલો નીકળે છે તેવા રિયલ ડેટાને આધારે કેપેસિટી યુટીલાઈઝેશન જાણી શકાય છે. સામાન્યપણે એમએસએમઈ પ્લાન્ટમાં રાઈટ લેવલ ઓફ ડેટા નથી હોતો, જેથી ઓપરેશન વિઝીબિલિટી, મશીન એફિશિયન્સી, મશીન પર કેટલું નુકસાન થાય છે?, ડાઉન ટાઈમ કેટલો છે? અને તે કયા કારણસર થાય છે તે યોગ્ય રીતે જાણી શકાતું નથી. એમએસએમઈ ઉદ્યોગકારો જો સિસ્ટમમાં એડીશન લાવી શકે છે અને પ્રોસેસિંગ લેવલ બદલી શકે છે તો ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગથી કેપેસિટી પણ વધારી શકે છે. ડિજિટલ ટેકનોલોજીને આધારે દરેક મશીનનો શીફ્ટ પ્રમાણે ડાઉન ટાઈમ ૧૫ મિનિટ ઈમ્પ્રુવ કરી શકીએ તો કેપેસિટીને ૩ ટકા વધારી શકીએ છે. પ્લાન્ટમાં સ્ક્રેપને ૧ ટકા ઘટાડી શકીશું તો પ્રોફિટ માર્જિનને ૩ ટકા સુધી વધારી શકીશું.

તેમણે જણાવ્યું હતું કે, હજી પણ ઘણી ફેક્ટરીઓમાં ડિસિજન મેકીંગ મેન્યુઅલી થાય છે, પરંતુ વ્યવસાયના કદ અનુસાર યોગ્ય ડિજિટલ ટુલ્સ અપનાવી ખર્ચ ઘટાડીને ઉત્પાદનની ક્ષમતા અને નફાકારકતા વધારી શકાય છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને સલાહ આપી હતી કે, વેપાર-ઉદ્યોગમાં સસ્ટેનેબિલિટી અગત્યની છે. ઉદ્યોગમાં સાતત્યતા જાળવવાની સાથે બેથી સાત ટકા સુધી બિઝનેસને ગ્રો કરવાની દિશામાં વિચારવું જોઈએ. તેમણે વિવિધ ઉદાહરણો અને કેસ સ્ટડીઝ દ્વારા ડિજિટલ ટેકનોલોજીથી થયેલા વ્યવસાયિક લાભો પણ સમજાવ્યા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના પ્રમુખ શ્રી નિરવ રાણાએ ઉદ્યોગ સાહસિકોને સંબોધ્યા હતા. ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બર અને સાઉથ ગુજરાત પ્રોડક્ટિવિટી કાઉન્સિલના પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદ કાપડીયાએ વક્તાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.



**ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એક્ષપર્ટ શ્રી અમિત સલુજા**

# MSME એકમો માટે 'ક્રેડિટ ગેરંટી સ્કીમ્સ' પર કાર્યક્રમ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ (NCGTC) અને બેંક ઓફ બરોડાની સાથે મળીને શનિવાર, તા. 3 જાન્યુઆરી , ૨૦૨૬ના રોજ બપોરે 3:00 કલાકે ઉષાકાંત કે. મારફતિયા હૉલ, સરસાણા, સુરત ખાતે 'ક્રેડિટ ગેરંટી સ્કીમ્સ' વિષય પર એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય MSME એકમો, નિકાસકારો અને સ્ટાર્ટ-અપ્સને સરકાર દ્વારા સંચાલિત ક્રેડિટ ગેરંટી માળખા વિશે માહિતગાર કરી



**ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા**



**NCGTC, મુંબઈના CEO અને હોલ-ટાઈમ ડિરેક્ટર શ્રી દુર્ગેશ પાંડે**



**બેંક ઓફ બરોડાના કોર્પોરેટ ઓફિસના ગવર્મેન્ટ પ્રોડક્ટ્સ MSME હેડ શ્રી રાજકુમાર ગોયલ**

નાણાકીય સુલભતા વધારવાનો હતો.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે ચેમ્બર, સુરત અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય મંચ મળે અને નિકાસ વધે એ માટે પ્રયત્નશીલ છે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ (NCGTC), મુંબઈના CEO અને હોલ-ટાઈમ ડિરેક્ટર શ્રી દુર્ગેશ પાંડે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ સરકારી ક્રેડિટ ગેરંટી યોજનાઓ વિશે વિસ્તૃત જાણકારી આપતા જણાવ્યું હતું કે, યોગ્ય માહિતીના અભાવે અનેક નાના ઉદ્યોગસાહસિકો ધિરાણથી વંચિત રહી જાય છે, જેમને આ યોજનાઓ દ્વારા સરળતાથી લોન મળી શકે છે.

તેમણે કહ્યું કે અત્યારે 15 જેટલી ક્રેડિટ ગેરંટી સ્કીમ છે. આમાંથી 3 યોજનાઓ સુરતના ઉદ્યોગકારો માટે ખાસ મહત્વની છે. પહેલી છે નિકાસકારો માટેની યોજના: અમેરિકી ટેરિફને લીધે આ યોજના લાવવામાં આવી. તેમાં 100% ક્રેડિટ ગેરંટી સરકાર આપે છે. સરકાર 20000 કરોડ સુધીનો સપોર્ટ આપવાની છે. બીજી છે એમએસએમઈ માટે મ્યુચ્યુઅલ ગેરંટી સ્કીમ: આ હાઈબ્રિડ મોડલ છે. રિપેનો સમયગાળો ફ્લેક્સિબલ છે અને 2 વર્ષનો મોરેટોરિયમ ગાળો છે. ત્રીજી છે સ્ટાર્ટ અપ સ્કીમ. ઘણાં સ્ટાર્ટ અપ્સ પાસે ફિઝિકલ એસેટ્સ નથી હોતી. તેમાં બેંકોની સાથે એઆઈએફ (ઓલ્ટર્નેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ) પણ લોન આપી શકે છે. તેમણે આ ત્રણેય યોજનાઓ વિશે સરળ શબ્દોમાં સમજ આપીને બેંકોને પણ કોલેટરલ પર વધુ ભાર ન મૂકવા ટકોર કરી હતી.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે બેંક ઓફ બરોડાના કોર્પોરેટ ઓફિસના ગવર્મેન્ટ પ્રોડક્ટ્સ MSME હેડ શ્રી રાજકુમાર ગોયલે કહ્યું કે સરકારની વિવિધ યોજનાઓને જાહેર ક્ષેત્રની બેંકો સુપેરે આગળ વધારી રહી છે. એમએસએમઈ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. તેમણે બેંકિંગ સેક્ટર દ્વારા MSMEs ને આપવામાં આવતા પ્રોત્સાહન-સુવિધા અને બેંક ઓફ બરોડાની ભૂમિકા-ડિજિટલ જર્ની અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે પરોક્ષ નિકાસકારોને પણ આ સ્કીમનો લાભ લેવા આગળ આવવા હાકલ કરી હતી.

બેંક ઓફ બરોડાના શ્રી ચક્રપાણીએ બેંકની MSME પ્રોડક્ટ વિશે પ્રેઝન્ટેશન આપ્યું હતું.

આ પ્રસંગે ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની બેન્કીંગ (કો-ઓપરેટિવ સેકટર્સ) કમિટીના ચેરપર્સન ડો. જયના ભક્તા, બેન્ક ઓફ બરોડાના સુરત ઝોનના ડીજીએમ બીડી શ્રી નિર્મલ પટેલ, બેન્ક ઓફ બરોડાના સુરત સિટીના ડીજીએમ એન્ડ રિજીયોનલ હેડ શ્રી મુકેશ નવલ, બેન્ક ઓફ બરોડાના સુરત ઝોનના એજીએમ ક્રેડિટ શ્રી વિવેક કુમાર સિંઘ, ઉદ્યોગકારો અને નિકાસકારો ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની બેંકિંગ (નેશનલાઈઝ, પ્રાઈવેટ) કમિટીના કો-ચેરમેન સીએ રાજીવ કપાસિયાવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી વક્તાઓનો પરિચય આપ્યો હતો. સત્ર દરમિયાન 'ઓપન હાઉસ' રાખવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત વક્તાઓએ 20 મિનિટ સુધી નિકાસકારો, ઉદ્યોગસાહસિકોના વિવિધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.

# 'કર્મનું ગણિત' – જીવન ગણિત મહોત્સવનો પ્રારંભ



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત 'જીવન ગણિત મહોત્સવ' અંતર્ગત સોમવાર, તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'કર્મનું ગણિત' વિષય પર કાર્યક્રમ યોજાયો. મુખ્ય વક્તા તરીકે હ્યુમરિસ્ટ, લેખક, કવિ, કલાકાર, ફિલોસોફર અને દાતા પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા.

તેમણે જીવનમાં મગજ અને હૃદય વચ્ચેના તફાવતને સ્પષ્ટ કરતા જણાવ્યું કે મગજથી ભૌતિક લાભ મળી શકે, પરંતુ હૃદયથી લીધેલા નિર્ણય આધ્યાત્મિક સમૃદ્ધિ આપે છે. "જેણે મગજ વાપર્યા તેણે ભૌતિક લાભ મેળવ્યા હશે, પરંતુ આધ્યાત્મિક રીતે મોટી ખોટ ખાદી હશે," એમ તેમણે જણાવ્યું. કર્મના સિદ્ધાંતને કુદરતી નિયમ ગણાવી, જેવું વાવશો તેવું કાપશો તે જીવનસત્ય સમજાવ્યું.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત કર્યું. તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ વક્તાનો પરિચય આપ્યો. માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ આભારવિધિ કરી અને પૂર્વ પ્રમુખ તથા કાર્યક્રમ અધ્યક્ષ શ્રી રૂપિન પચ્ચીગરે સંચાલન કર્યું.



**ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા**





**પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદી**

# 'રાજનીતિનું ગણિત'



મંગળવાર, તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ ખાતે 'રાજનીતિનું ગણિત' વિષય પર કાર્યક્રમ યોજાયો. નવી દિલ્હીની વરિષ્ઠ પત્રકાર અને લેખક શ્રીમતી શીલાબેન ભટ્ટે રાજકીય વ્યૂહરચનાઓ, સત્તા અને ચૂંટણીના ગણિત અંગે વિસ્તૃત સમજણ આપી.

તેમણે જણાવ્યું કે રાજનીતિ માત્ર ગણિતથી નહીં, પરંતુ ડેસ્ટીની અને એથિક્સથી પણ ચાલે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તથા પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીના ઉદાહરણો સાથે તેમણે સત્તાની સ્થિરતા અને નેતૃત્વના તત્વો સમજાવ્યા. ઉત્તર પ્રદેશ અને બિહારના રાજકીય મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો.

સુરતના માજી મેયર શ્રી ફકીરભાઇ ચૌહાણ અતિથિ વિશેષ રહ્યા. સ્વાગત શ્રી વિજય મેવાવાલાએ કર્યું, વક્તાનો પરિચય સીએ મિતિષ મોદીએ આપ્યો અને સંચાલન શ્રી રૂપિન પચ્ચીગરે કર્યું.



ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા



વરિષ્ઠ પત્રકાર અને લેખક શીલા ભટ્ટ



સુરતના માજી મેયર શ્રી ફકીરભાઇ ચૌહાણ

# ‘પ્રેમનું ગણિત’



બુધવાર, તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ ખાતે આધ્યાત્મિક પ્રેરક શ્રી પારસ પાંધીએ ‘પ્રેમનું ગણિત’ વિષય પર પ્રેરણાદાયી પ્રવચન આપ્યું.

તેમણે જણાવ્યું કે પ્રેમમાં દલીલ નથી, અપેક્ષા સાથે આપવું એ વ્યાપાર છે. ‘હું’ અને ‘તું’ મળીને ‘આપણે’ બને છે, પરંતુ ‘અહં’ જોડાય તો સંબંધ શૂન્ય બને છે. સમર્પણ, સેવા, વિનમ્રતા અને જિજ્ઞાસા પ્રેમના આધાર ગણાવ્યા.

ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત કર્યું, સીએ મિતિષ મોદીએ પરિચય આપ્યો અને સંચાલન તથા અધ્યક્ષતા શ્રી રૂપિન પચ્ચીગરે કરી.



**આધ્યાત્મિક પ્રેરક**
**શ્રી પારસ પાંધી**






ગુરુવાર, તા. ૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ ખાતે કવિ શ્રી અંકિત ત્રિવેદીએ આનંદનું ગણિત સમજાવ્યું. તેમણે કહ્યું કે આનંદ 'સેવ' નહીં પરંતુ 'અપગ્રેડ' કરવામાં છે. આજની પેઢી પાસે સંચારના સાધનો છે, પરંતુ સાચું સંવાદ ગુમાવ્યું છે.

પદ્મશ્રી યઝદી કરંજિયાએ અતિથિ વકતવ્ય આપતા કહ્યું કે જીવતેજીવ સ્વર્ગ રચવો એ જ આનંદનું સાચું ગણિત છે.

સ્વાગત શ્રી અશોક જીરાવાલાએ કર્યું, પરિચય શ્રી વિજય મેવાવાલાએ આપ્યો, આભારવિધિ સીએ મિતિષ મોદીએ કરી અને સંચાલન શ્રી રૂપિન પચ્ચીગરે કર્યું.



# 'ધર્મનું ગણિત'



શુક્રવાર, તા. ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ ખાતે જાણીતા ચિંતક શ્રી ભદ્રાયુ વચ્છરાજાનીએ ધર્મનું ગણિત સમજાવ્યું.

તેમણે મનુસ્મૃતિ અને ગીતા સંદર્ભે ધર્મના ૧૦ લક્ષણો - ધીરજ, ક્ષમા, સંયમ, સત્ય, અક્રોધ વગેરે સમજાવ્યા. "ધર્મ એટલે વ્યક્તિગત આચરણને નિયંત્રિત કરતો કાયદો," એમ જણાવ્યું. ધાર્મિકતા અને નૈતિકતા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો.

ગ્રુપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલા ઉપસ્થિત રહ્યા. સ્વાગત શ્રી વિજય મેવાવાલાએ કર્યું, પરિચય સીએ મિતિષ મોદીએ આપ્યો અને સંચાલન તથા આભારવિધિ શ્રી રૂપિન પચ્ચીગરે કરી.



**ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા**





**ચિંતક, લેખક અને શિક્ષણવિદ શ્રી ભદ્રાયુ વચ્છરાજાની**




શનિવાર, તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ ખાતે ડૉ. નિમિત્ત ઓઝાએ લાગણીના પાંચ સિદ્ધાંતો સમજાવ્યા. તેમણે જણાવ્યું કે લાગણીનું ગણિત નથી, છતાં તેને સમજવું જરૂરી છે. દરેક લાગણી ૯૦ સેકન્ડ ટકે છે, લાગણીઓ ચેપી હોય છે અને જે લાગણી મોકલો તે પાછી આવે છે. “માગવી પડે એ લાગણી નહીં,” એમ તેમણે સ્પષ્ટ કર્યું.

પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી ઉપસ્થિત રહ્યા. પરિચય સીએ મિતિષ મોદીએ આપ્યો અને સંચાલન તથા આભારવિધિ શ્રી રૂપિન પચ્ચીગરે કરી. ગ્રુપ ચેરમેન દીપક કુમાર શેઠવાલા તથા સભ્યો ઉપસ્થિત રહ્યા.



**સીએ શ્રી રૂપીન પચ્ચીગર**
**ચેમ્બરના પૂર્વ પ્રમુખ**





**જાણીતા લેખક**
**ડૉ. નિમિત્ત ઓઝા**




રવિવાર, તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ ખાતે ડૉ. શરદ ઠાકરે આરોગ્યનું ગણિત સમજાવ્યું. અતિથિ વકતા તરીકે ડૉ. મુકુલ ચોક્સી ઉપસ્થિત રહ્યા.

"બેંક બેલેન્સ નહીં, બ્રેડ્થ બેલેન્સ સુધારો," એમ તેમણે કહ્યું. નિયમિત ચેકઅપ, સેકન્ડ ઓપિનિયન અને સંતુલિત જીવનશૈલી પર ભાર મૂક્યો. આધુનિક ચિકિત્સા વિજ્ઞાનથી આયુષ્યમાં થયેલા વધારા અંગે ચર્ચા કરી. પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારૂલ વડગામા ઉપસ્થિત રહ્યા. સંચાલન શ્રી રૂપિન પચ્ચીગરે કર્યું.



સીએ શ્રી રૂપીન પચ્ચીગર
ચેમ્બરના પૂર્વ પ્રમુખ





કૉલમિસ્ટ અને
સાહિત્યકાર
ડૉ. શરદ ઠાકર

# 'મનોજગત – તમારી સમસ્યાઓનું સમાધાન'




તા. ૩ જાન્યુઆરીએ સમૃદ્ધિ ખાતે માનસિક સ્વાસ્થ્ય અંગે વિશેષ ચર્ચા સત્ર યોજાયું. જાણીતા મનોચિકિત્સક ડૉ. મુકુલ ચોક્સીએ ડિપ્રેશનને ક્લિનિકલ અવસ્થા ગણાવી તેના લક્ષણો અને સારવાર અંગે માર્ગદર્શન આપ્યું. સાઈકિયાટ્રિસ્ટ ડૉ. પલાશ પ્રજાપતિએ જણાવ્યું કે અવ્યક્ત ભાવનાઓ ઘણી વાર શારીરિક પીડા રૂપે બહાર આવે છે. અનિંદ્રા અને ચિંતા અંગે ઉપયોગી સૂચનો આપ્યા. માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત કર્યું. ગ્રુપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી. પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈએ સંચાલન અને આભારવિધિ કરી. કાર્યક્રમ પ્રશ્નોત્તરી સ્વરૂપે યોજાયો.




**ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા**



**જાણીતા મનોચિકિત્સક ડૉ. મુકુલ ચોક્સી**




**સાઈકિયાટ્રિસ્ટ ડૉ. પલાશ પ્રજાપતિ**

# ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની ભારત સરકારની રિજિયોનલ ડાયરેકટ ટેક્ષ એડવાઈઝરી કમિટીમાં ટ્રેડ પ્રતિનિધિ તરીકે નિમણૂંક



ભારત સરકારના નાણાં મંત્રાલયના રેવન્યુ વિભાગ દ્વારા ગુજરાત તેમજ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ પ્રદેશ માટે રિજિયોનલ ડાયરેક્ટ ટેક્ષ એડવાઈઝરી કમિટી (RDTAC)માં ટ્રેડ પ્રતિનિધિ તરીકે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂંક સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ અને વેપાર જગત માટે ગૌરવની બાબત છે.

આ કમિટીમાં ટ્રેડ પ્રતિનિધિ કેટેગરીમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની, મેમ્બર ઓફ પાર્લામેન્ટ કેટેગરીમાં લોકસભા સાંસદ શ્રી ભરત મનુભાઈ સુતરીયાની, રાજ્ય સરકારના પ્રતિનિધિ કેટેગરીમાં અમદાવાદના સ્ટેટ ટેક્ષના એડિશનલ કમિશનર શ્રી કમલ દિનકરરાય શુકલની, લોયર ડિલીંગ વીથ ઈન્કમ-ટેક્ષ મેટર્સ કેટેગરીમાં શ્રી ધ્રુવેનકુમાર વિનોદચંદ્ર શાહની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કેટેગરીમાં શ્રી સુલભ ઉમેશકુમાર પદશાહની, ઈન્ડસ્ટ્રી પ્રતિનિધિની કેટેગરીમાં શ્રી જનિક નૌતમભાઈ વકીલની, યુનિવર્સિટી પ્રોફેસર્સ/કોલેજ પ્રિન્સિપલ કેટેગરીમાં ડો. શંકર એસ. સોઢાની અને બેંક મેનેજર કેટેગરીમાં શ્રી હિતેશ મહેન્દ્ર દવેની નિમણૂક કરવામાં આવી છે.

ભારત સરકાર દ્વારા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખને Regional Direct Tax Advisory Committeeમાં Representative of Trade તરીકે નિમણૂંક આપવી એ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓના વિશ્વાસનો પ્રતિબિંબ છે. આ કમિટી મારફતે કરદાતાઓને આવકવેરા સંબંધિત જે સામાન્ય પ્રશ્નો અને મુશ્કેલીઓ ઊભી થાય છે, તે મુદ્દાઓને સકારાત્મક રીતે સરકાર અને આવકવેરા વિભાગ સમક્ષ રજૂ કરવાની અસરકારક તક મળશે. ચેમ્બર હંમેશા ઉદ્યોગ-વ્યાપાર અને સરકાર વચ્ચે સેતુરૂપે કાર્ય કરતી રહી છે અને આવનારા સમયમાં પણ કરદાતાઓના હિતમાં રચનાત્મક સૂચનો રજૂ કરતી રહેશે. ચેમ્બરના પ્રમુખની આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સ્તરની કમિટીમાં નિમણૂંકથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓના અવાજને નીતિગત સ્તરે વધુ મજબૂતી મળશે, તેવી ચેમ્બરે આશા વ્યક્ત કરી છે.

# વિદ્યાર્થીઓમાં રોડ સેફ્ટી અંગે જાગૃતિ લાવવા પોલીસ કન્ટ્રોલ રૂમની શૈક્ષણિક મુલાકાત



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની ટ્રાફિક એન્ડ અવેરનેસ કમિટી દ્વારા મંગળવાર, તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓમાં રોડ સેફ્ટી અંગે જાગૃતિ વધારવા અને ટ્રાફિક નિયમોના પાલનનું મહત્વ સમજાવવા માટે સિંધુ સેવા સમિતિ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે સુરત શહેરના પોલીસ કન્ટ્રોલ રૂમની શૈક્ષણિક વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિઝીટ દરમિયાન વિદ્યાર્થીઓને સુરત શહેરના ટ્રાફિક મેનેજમેન્ટ, ઇમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ, સીસીટીવી મોનીટરિંગ, ટ્રાફિક કન્ટ્રોલ રૂમની કાર્યપદ્ધતિ તથા શહેરમાં થતા અકસ્માતો અટકાવવા માટે લેવામાં આવતા પગલાં અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.



પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી વી.બી. વર્મા, આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર શ્રી નરોત્તમભાઇ મોહનભાઇ, હેડ કોન્સ્ટેબલ શ્રી ધર્મેશભાઇ પ્રદ્યુમનભાઇ અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ સુશ્રી નેહલબેન લાભુભાઇએ વિદ્યાર્થીઓને ટ્રાફિક સિગ્નલ, રોડ સેન્સ, હેલ્મેટ અને સીટબેલ્ટના ઉપયોગનું મહત્વ, તેમજ વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનના ઉપયોગથી થતા જોખમો વિષે સમજણ આપી હતી.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, રોડ સેફ્ટી માત્ર નિયમોનું પાલન પૂરતું નથી, પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. વિદ્યાર્થીઓ બાળપણથી જ ટ્રાફિક નિયમોની સમજણ કેળવી લે તો આવનારા સમયમાં અકસ્માતોની સંખ્યા ઘટાડી શકાય છે.



આ સાથે, ઈમર્જન્સી સમયે ૧૧૨ નંબરની ઉપયોગિતા અને તરત સહાય કેવી રીતે મળે છે તે અંગે પ્રેક્ટિકલ માહિતી પણ આપવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને વાસ્તવિક પરિસ્થિતિમાં ટ્રાફિક વ્યવસ્થાની સમજ મળે અને તેઓ પોતે તેમજ પોતાના પરિવારજનોને પણ રોડ સેફ્ટી અંગે જાગૃત કરે, તે હેતુથી આ પ્રકારની વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આવનારા સમયમાં ચેમ્બર દ્વારા વિવિધ સ્કૂલોમાં રોડ સેફ્ટી અવેરનેસ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

આ વિઝીટ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પુછ્યા હતા અને પોલીસ અધિકારીઓ સાથે સીધો સંવાદ કરી ટ્રાફિક અને રોડ સેફ્ટી અંગેની પોતાની શંકાઓ દૂર કરી હતી. અંતે, વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ પ્રેરણાદાયક અનુભવ બદલ ચેમ્બર ઓફ કોમર્સ તથા સુરત શહેર પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને 'જીતો'ના સ્વયં વિંગ દ્વારા સંયુક્ત રીતે ફેસ ટુ ફેસ બિઝનેસ મિટીંગ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ અને જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના સ્વયં વિંગ દ્વારા સંયુક્ત રીતે મહિલા ઉદ્યોગ સાહસિકોને વ્યવસાયિક નેટવર્કિંગ અને સહકાર માટે પ્લેટફોર્મ પૂરૂં પાડવાના હેતુથી બુધવાર, તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સુરતના અમોરા ખાતે ફેસ ટુ ફેસ બિઝનેસ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઇએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, મહિલા ઉદ્યોગ સાહસિકો આજના સમયમાં માત્ર વ્યવસાય સુધી સીમિત નથી, પરંતુ તેઓ નવી વિચારધારા, નવી ટેકનોલોજી અને નવી વ્યવસાયિક સંસ્કૃતિને આગળ ધપાવી રહી છે.

ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદે વુમન આંત્રપ્રિન્યોર સેલની પ્રવૃત્તિઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મહિલા ઉદ્યોગ સાહસિકોને એકબીજા સાથે જોડીને નવી વ્યવસાયિક તકો ઉભી કરવાનું ચેમ્બરનું મુખ્ય લક્ષ્ય છે. વુમન આંત્રપ્રિન્યોર સેલની આગામી બે ફેસ ટુ ફેસ મિટીંગ અંગેની જાહેરાત પણ તેમના દ્વારા કરવામાં આવી હતી.

જીતોના સ્વયં વિંગના ચેરપર્સન સુશ્રી ધારા શાહ દ્વારા જીતો સ્વયં વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તેમણે સ્વયં દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકોના સશક્તિકરણ માટે હાથ ધરાતી







વિવિધ પ્રવૃત્તિઓ, તાલીમ કાર્યક્રમો તથા વ્યવસાય વિકાસ માટેના પ્રયાસો વિષે માહિતી આપી હતી.

ફેસ ટુ ફેસ બિઝનેસ મિટીંગ, મુખ્ય આકર્ષણ રહ્યું હતું, જેમાં મહિલા ઉદ્યોગ સાહસિકોને સીધો સંવાદ અને વ્યવસાયિક ચર્ચા માટે તક આપવામાં આવી હતી. આ સત્રનું સંચાલન વુમન આંત્રપ્રિન્યોર સેલના એડવાઇઝર શ્રીમતી સ્વાતિ શેઠવાલા તથા જીતોના સુશ્રી હિરલ બાવીશી અને સુશ્રી પિયુષા ચૌધરી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

આ સત્ર દરમિયાન વિવિધ ક્ષેત્રોની મહિલા ઉદ્યોગ સાહસિકોએ પોતાના વ્યવસાય, સેવાઓ અને સહકારની શક્યતાઓ અંગે ચર્ચા કરી હતી, જેના પરિણામે અનેક નવી બિઝનેસ કનેક્શન્સ સ્થાપિત થયા હતા.

કાર્યક્રમના અંતે ચેમ્બરના સભ્ય ડો. બંદના ભટ્ટાચાર્ય દ્વારા આભારવિધિ રજૂ કરવામાં આવી હતી, જ્યારે જીતોના સ્વયં તરફથી સુશ્રી જિનલ સંઘવીએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

## ‘કેન્સર જાગૃતિ અને નિવારણ’ વિષય પર સત્ર



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્સર જાગૃતિ અને કેન્સર નિવારણ વિષય પર એક રસપ્રદ અને માહિતીસભર સત્ર તારીખ 04 January 2026 ના રોજ સવારે 10:30 કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે યોજાયું હતું, જેમાં પી.પી. માણિયા હૉસ્પિટલના જાણીતા રેડિયેશન ઓન્કોલોજિસ્ટ Dr. Dimpal Gadhesariyaએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે કેન્સર શું છે એ સમજાવ્યું હતું અને તેને લગતી ગેરમાન્યતાઓ અને હકીકતો વિશે વિગતે ફોડ પાડતા કહ્યું કે રેડિયેશન બાબતે, કેન્સર બાબતે જાગૃતિની ખૂબ જ જરૂર છે. સમાજ માને છે કે કેન્સર થાય પછી કોઈ ઉપાય કે ઉકેલ નથી. કેન્સર એટલે કેન્સલ. જો કે હવે એવું નથી. કેન્સર સ્ક્રિનિંગ ખૂબ જ જરૂરી છે. વહેલું નિદાન કરવાથી કેન્સરને હરાવી શકાય છે. કેન્સર એ ચેપી રોગ નથી. તેમણે કહ્યું કે રેડિયેશન થેરાપી માણસને મારી નાખે છે એવી ગેરમાન્યતા છે, હકીકતમાં તે કેન્સરને દૂર કરી માણસને જીવાડવા માટે છે. ફેમિલી હિસ્ટ્રી ન હોય તો કેન્સર નહીં થાય એવી માન્યતા પણ ભૂલભરેલી છે. કેન્સર ગમે તેને થઈ શકે છે.



**જાણીતા રેડિયેશન ઓન્કોલોજિસ્ટ Dr. Dimpal Gadhesariya**

બાયોપ્સીથી કેન્સર ફેલાય છે એવી ગેરમાન્યતાનું ખંડન કરતા તેમણે કહ્યું કે એ એક સિમ્પલ પ્રોસિજર છે, એનાથી કેન્સર ફેલાતું હોવાના કોઈ પુરાવા નથી. તેમણે કહ્યું કે 80 ટકા ગાંઠ કેન્સર નથી હોતી. કેન્સર ખાંડ પર નભે છે એ પણ તદ્દન ખોટી ગેરમાન્યતા છે. સુગર બંધ કરવાથી કેન્સર મટે એવું નથી. કેન્સરની ગાંઠ ચોથા સ્ટેજ સુધી ન પહોંચે ત્યાં સુધી દુ:ખાવો થતી નથી એટલે ઘણી વાર દર્દી ડૉક્ટર પાસે જતો નથી. ફેફસાનું કેન્સર ધુમ્રપાન કરનારને જ થાય એવું પણ નથી.

ચેમ્બરની ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના ચેરમેન ડૉ. જગદીશ વઘાસિયાએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરપર્સન ડૉ. સોનિયા ચંદાણીએ મુખ્ય વક્તાનો વિશેષ પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈએ કરી હતી.

# ચેમ્બર દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કોન્ક્લેવ ૨૦૨૬




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ કલાક દરમ્યાન ઉષાકાંત હોલ, સરસાણા, સુરત ખાતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) કોન્ક્લેવ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાંત વક્તાઓ તરીકે સિમ્પસ એક્ઝીમ અને કોર્પોરેટ એડવાઈઝરીના ડિરેક્ટર અને લીડ એડવાઈઝર શ્રી બાસેષ ગાલા, સીઈડીની સુરત વલસાડ રિજિયોનલ ઓફિસના સિનિયર ટ્રેઈનિંગ ઓફિસર શ્રી અવનીશ હિરપરા, શ્રી જી.આર. રાઘવેન્દ્ર, ડો. કારમેલ મેરી એસ્થર અને સુશ્રી શિવાની શર્માએ સ્ટાર્ટ-અપ્સ, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આજના સમયમાં માત્ર ટેકનોલોજી પૂરતી સીમિત નથી, પરંતુ તે વ્યવસાય, ઉદ્યોગ અને અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ પરિવર્તનનું સાધન બની ગયું છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત એઆઈ કોન્ક્લેવ-૨૦૨૬નો




**ચેમ્બરના પ્રમુખ**
**શ્રી નિખિલ મદ્રાસી**



**શ્રી અવનીશ હિરપરા**




**શ્રી જી.આર. રાઘવેન્દ્ર**

મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગકારો અને વ્યવસાયિકોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વાસ્તવિક ઉપયોગિતા, કાનૂની પાસાઓ તથા ભવિષ્યની તકો અંગે માહિતગાર કરવાનો છે.

CEDની સુરત વલસાડ રિજીયોનલ ઓફિસના સિનિયર ટ્રેઈનિંગ ઓફિસર શ્રી અવનિશ હિરપરાએ સીઈડી દ્વારા ઉદ્યોગકારો અને યુવા ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવતી વિવિધ તાલીમ, માર્ગદર્શન, સ્કિલ ડેવલપમેન્ટ કાર્યક્રમો તથા સરકાર દ્વારા ઉપલબ્ધ સહાય યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, સીઈડીનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા વિકસાવવાનો છે અને તેમને સ્વરોજગાર તથા વ્યવસાયિક વિકાસ માટે જરૂરી જ્ઞાન, કુશળતા અને પ્લેટફોર્મ પૂરું પાડવાનું છે. તેમણે સ્ટાર્ટ-અપ્સ, એમએસએમઈ ઉદ્યોગકારો અને નવા વ્યવસાય શરૂ કરવા ઈચ્છુક યુવાનોને સીઈડીની સેવાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

શ્રી જી.આર. રાઘવેન્દ્રએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા ઉપયોગ સાથે જોડાયેલા વિવિધ કાનૂની મુદ્દાઓ અંગે વિસ્તૃત સમજ આપી હતી. તેમણે ડેટા પ્રાઈવસી, સાયબર સુરક્ષા, ઈન્ટેકચ્યુલ પ્રોપર્ટી રાઈટ્સ, કોપીરાઈટ, જવાબદારી તથા એઆઈ આધારિત નિર્ણયોમાં પારદર્શિતા જેવા મહત્વપૂર્ણ કાનૂની પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું હતું કે, એઆઈ ટેકનોલોજીનો વ્યવસાયિક ઉપયોગ કરતી વખતે વર્તમાન કાયદા અને નિયમોનું પાલન કરવું અત્યંત આવશ્યક છે, જેથી ભવિષ્યમાં કાનૂની વિવાદો ટાળી શકાય.

ડો. કારમેલ મેરી એસ્થરએ સ્ટાર્ટ-અપ્સ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેવી રીતે ગેમચેન્જર સાબિત થઈ શકે છે તે વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, એઆઈના યોગ્ય ઉપયોગથી સ્ટાર્ટઅપ્સ ઓછા સંસાધનોમાં વધુ કાર્યક્ષમતા, ઝડપી નિર્ણય ક્ષમતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા હાંસલ કરી શકે છે. તેમણે પ્રોડક્ટ ડેવલપમેન્ટ, માર્કેટ એનાલિસિસ, કસ્ટમર એક્સપિરિયન્સ, ઓટોમેશન તથા ડેટા આધારિત ઈનોવેશનમાં એઆઈની ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો.

કોલમ્સ્પ્રાઉટ એઆઈના કો-ફાઉન્ડર અને સીઈઓ સુશ્રી



**ડો. કારમેલ મેરી એસ્થર**



**સુશ્રી શિવાની શર્મા**



**શ્રી બાસેષ ગાલા**

શિવાની શર્માએ કોલમ્સ્પ્રાઉટ એઆઇ વિષે લાઇવ ડેમો રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે,કોલમ્સ્પ્રાઉટ એઆઇ એ વ્યવસાયિક સંસ્થાઓ માટે ખાસ રીતે ડિઝાઇન કરાયેલ એક સ્માર્ટ એઆઇ પ્લેટફોર્મ છે, જે ડેટા એનાલિસિસ, કસ્ટમર ઇન્સાઇટ્સ, ઓટોમેશન અને નિર્ણય પ્રક્રિયાને વધુ સરળ, ઝડપી અને અસરકારક બનાવે છે.

સિમ્પસ એક્ઝિમ અને કોર્પોરેટ એડવાઇઝરીના ડિરેક્ટર અને લીડ એડવાઇઝર શ્રી બાસેષ ગાલાએ ૧૦૦શ બિઝનેસ બ્રેકથ્રુ - માઇન્ડ સેટ અને સિસ્ટમ્સ ટુ સ્કેલ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજના ઝડપી બદલાતા વ્યવસાયિક યુગમાં માત્ર ટેકનોલોજી અપનાવવી પૂરતી નથી, પરંતુ યોગ્ય માઈન્ડસેટ અને સિસ્ટમ્સ વિકસાવવી અત્યંત આવશ્યક છે. એઆઇ અને સ્માર્ટ સિસ્ટમ્સના યોગ્ય ઉપયોગથી વ્યવસાયમાં કાર્યક્ષમતા વધારી શકાય છે, ખર્ચ ઘટાડી શકાય છે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતા હાંસલ કરી શકાય છે.

શ્રી ગાલાએ પોતાના સંબોધનમાં વ્યવસાયને ૧૦૦ ગણી વૃદ્ધિ તરફ દોરી જવા માટે લીડરશીપ વિચારસરણી, ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયા, ઓટોમેશન, એઆઇ આધારિત સિસ્ટમ્સ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ મોડેલ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઉદ્યોગકારોને પરંપરાગત કાર્યપદ્ધતિમાંથી બહાર આવી નવીન વિચારધારા અને ટેકનોલોજી અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કોન્ક્લેવના ચેરમેન શ્રી અતુલ પટેલ, ડો. ચિંતન પાઠક, શ્રી અતુલ પાઠક, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ વક્તાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી બશીર મન્સુરીએ કોન્ક્લેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કમિટીના ચેરપર્સન ડો. વંદના શાહે કોન્ક્લેવ વિષે માહિતી આપી હતી. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી હિમાંશુ ગુપ્તા અને ડો. મીરા શર્માએ સમગ્ર કોન્ક્લેવનું સંચાલન કર્યું હતું.

આ કોન્ક્લેવ દરમ્યાન સવાલ-જવાબ સેશનમાં ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો તથા પ્રોફેશનલ્સે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વ્યવસાયિક ઉપયોગ, કાનૂની પડકારો, સ્ટાર્ટ-અપ્સ માટેની તકો અને ભવિષ્યની સંભાવનાઓ અંગે વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા, જેના વક્તાઓએ સંતોષકારક જવાબો આપી ઉપસ્થિતોને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# એસબીસી ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રિમિયર લીગ ૪.૦






ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ડ્રિફ્ટ ફુડ પાર્ક એન્ડ ગેમ ઝોન, વેસુ, સુરત ખાતે એસબીસી ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રિમિયર લીગ ૪.૦નું આયોજન કરવામાં આવ્યું હતું. એસજીસીસીઆઈ બિઝનેસ કનેકટ કમિટી દ્વારા છેલ્લા ચાર વર્ષથી સફળતાપૂર્વક આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યવસાયિક જગત અને રમત પ્રેમીઓને એકસાથે લાવવાનો હોય છે.

રવિવારે સવારે ૮:૦૦ કલાકે એસબીસી ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રિમિયર લીગ ૪.૦નો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો, જેમાં સિનિયર્સ ગુજરાત મહિલા ક્રિકેટ ટીમના વિકેટકીપર અને બેટ્સમેન સુશ્રી ગોપી મેંદપરા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા એસબીસીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

અતિથિ વિશેષ સુશ્રી ગોપી મેંદપરાએ જણાવ્યું હતું કે, સ્પોર્ટ્સ માત્ર શારીરિક સ્વાસ્થ્ય માટે જ નહીં પરંતુ શિસ્ત, સંઘભાવના અને આત્મવિશ્વાસ વિકસાવવા માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. આવી ટુર્નામેન્ટ્સ રમત પ્રત્યે ઉત્સાહ વધારવાની સાથે ટીમવર્ક અને સકારાત્મક વિચારોનું સર્જન કરે છે, જે જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી સાબિત થાય છે.

રવિવારે દિવસ દરમ્યાન સવારે ૮:૩૦ કલાકથી રાત્રે ૮:૩૦ કલાક સુધી ૮ ટીમો વચ્ચે ક્રિકેટ મેચો રમાઇ હતી, જેમાં એસબીસીના ૯૦ સભ્યોએ ભાગ લીધો હતો. રવિવારે રાત્રે ૯:૩૦ કલાકે સમાપન સમારોહ યોજાયો હતો, જેમાં અલ્ટ્રા મેરાથોન રનર સુશ્રી ખ્યાતિ પટેલ અને આંતરરાષ્ટ્રીય મેરાથોન રનર સુશ્રી રત્ના મહેતા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, ક્રિકેટ તથા અન્ય રમતગમત વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવા, લક્ષ્ય પ્રત્યે સમર્પિત રહેવા અને સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેવાની પ્રેરણા આપે છે. આવા રમતોત્સવો સમાજમાં આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવાનો સકારાત્મક સંદેશ આપે છે.

એસબીસીની ૮ ટીમો વચ્ચે રમાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફાઇનલમાં એચઆર રાઈડર્સ વિજેતા રહ્યા હતા, જ્યારે યોટેલ કા રાજા રનર્સ અપ રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના હોદ્દેદારોએ એસબીસી ક્રિકેટ પ્રિમિયર લીગ ૪.૦ના સફળ આયોજન માટે ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલા, એસબીસી કમિટીના એડવાઇઝર શ્રી તપન જરીવાલા અને ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિ તથા કો-ચેરમેનો શ્રી નિરવ બરફીવાલા, શ્રી ભાવન શાહ અને શ્રી અમિત પટેલ તેમજ કો-ઓર્ડિનેટર શ્રી જયમીન શેઠને બિરદાવ્યા હતા.





# ચેમ્બરના લેડીઝ વીંગ દ્વારા નેશનલ વુમન કોન્ક્લેવ ૨૦૨૬ યોજાયો



## ગુજરાતી સિનેમાના પ્રખ્યાત અભિનેત્રી શ્રીમતી વંદના પાઠક, જાણીતા મોટિવેશનલ સ્પીકર શ્રીમતી અંકિતા મુલાણી, સુરતના નાયબ પોલીસ કમિશનર શ્રીમતી શૈફાલી બરવાલ (આઈપીએસ) અને ઉદ્યોગ સાહસિક શ્રીમતી હિમાની ભુવાએ પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થિનીઓને શિક્ષણ, કારકિર્દી ઘડતર, આત્મનિર્ભરતા અને સામાજિક જવાબદારીઓ અંગે પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્લેટીનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'નેશનલ વુમન કોન્ક્લેવ ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતી સિનેમાના પ્રખ્યાત અભિનેત્રી શ્રીમતી વંદના પાઠક, જાણીતા મોટિવેશનલ સ્પીકર શ્રીમતી અંકિતા મુલાણી, સુરતના નાયબ પોલીસ કમિશનર શ્રીમતી શૈફાલી બરવાલ (IPS) અને ઉદ્યોગ સાહસિક શ્રીમતી હિમાની ભુવાએ ઉપસ્થિત મહિલાઓ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થિનીઓને શિક્ષણ, કારકિર્દી ઘડતર, આત્મનિર્ભરતા અને સામાજિક જવાબદારીઓ અંગે પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ભારતના પૂર્વ કેન્દ્રિય ટેક્ષ્ટાઈલ્સ એન્ડ રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શના જરદોશ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે મહિલાઓ અને વિદ્યાર્થીનિઓને આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા તથા આગળ વધવાની પ્રેરણા આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, નેશનલ વુમન કોન્ક્લેવ મહિલાઓને આત્મવિશ્વાસ, જ્ઞાન અને પ્રેરણા આપતું મહત્વપૂર્ણ મંચ છે. મહિલાઓના સશક્તિકરણ અને સર્વાંગી વિકાસ માટે ચેમ્બર સતત કાર્યરત રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના સમયમાં મહિલાઓ શિક્ષણ, ઉદ્યોગ અને વ્યવસાયના દરેક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આવી કોન્ક્લેવ મહિલાઓને પોતાની ક્ષમતાઓ ઓળખીને આગળ વધવા માટે માર્ગદર્શન આપે છે.

ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, નેશનલ વુમન કોન્ક્લેવ મહિલાઓને પોતાના આંતરિક સામર્થ્યને ઓળખવાની અને તેને દિશા આપવાની તક આપે છે. જ્ઞાન, અનુભવ અને પ્રેરણાના આ સંગમથી મહિલાઓ વધુ આત્મનિર્ભર અને સશક્ત બનશે.

ગુજરાતી સિનેમાના પ્રખ્યાત અભિનેત્રી શ્રીમતી વંદના પાઠકે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, જ્યારે કોઈ પણ કાર્ય આત્મસાત થઈને કરવામાં આવે ત્યારે જ તેની સાચી મજા છે, પછી એ સ્ટેજ પરનું પરફોર્મન્સ હોય, ફિલ્મનો અભિનય હોય કે શાળા-કોલેજના અભ્યાસકાળનો અનુભવ હોય. તેમણે કહ્યું કે તેઓ આજે પણ પોતાને એક વિદ્યાર્થીની તરીકે જ જુએ છે અને સતત શીખવાની ભાવના જ તેમને આગળ વધવા પ્રેરે છે.

વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે કહ્યું કે, ભણતર અત્યંત જરૂરી છે અને શિક્ષણનો કોઈ વિકલ્પ નથી. જીવનના દરેક પડાવે કંઈક નવું શીખવા મળે છે અને શીખવાની તૈયારી હંમેશા રાખવી જોઈએ. જીવનના અનુભવોને કેવી રીતે પોતાના કાર્યમાં રૂપાંતરિત

કરવાના છે એ પણ એટલું જ અગત્યનું છે. જીવનમાં અનેક તકો મળતી રહે છે, પરંતુ એ તકોને સમયસર ઓળખીને ઝડપવી અત્યંત જરૂરી છે. લેન્થ ઓફ રોલ મહત્વનો નથી, પરંતુ જે ભૂમિકા મળે છે તેને કેટલા સમર્પણ અને કુશળતાથી નિભાવો છો એ મહત્વનું છે.

તેમણે ગુજરાતી ફિલ્મ ‘જલેબી રોક્સ’માં મુખ્ય ભૂમિકા ભજવી છે. મેનોપોઝ જેવા વિષય પર આધારિત આ ફિલ્મ માત્ર મહિલાઓ માટેની નથી, પરંતુ સમાજને સમજવા અને વિચારવા પ્રેરે તેવી ફિલ્મ છે. તેમણે ઉમેર્યું કે, મહિલાઓનું જીવન પણ જલેબી જેવું છે, બધું સંભાળતા હોવા છતાં પરિવારનું સંતુલન જાળવે છે. માતાજીના વિશેષ આશીર્વાદથી મહિલાઓમાં બહુવિધ જવાબદારીઓ નિભાવવાની ક્ષમતા હોય છે અને તેથી જ મહિલાઓ સ્વભાવથી મલ્ટી ટાસ્કિંગ હોય છે.

ગુજરાતી ફિલ્મો વિષે અભિનેત્રી શ્રીમતી વંદના પાઠકે જણાવ્યું હતું કે, હાલ ગુજરાતી સિનેમાનો ગોલ્ડન પિરિયડ ચાલી રહ્યો છે. આજકાલ એવા વિષયોની ફિલ્મો બની રહી છે જે યુવા પેઢીને પ્રેરણા આપે છે અને સમાજને સકારાત્મક દિશામાં વિચારવા મજબૂર કરે છે. તેમણે ઉમેર્યું કે, તેમના અભિનય કારકિર્દીની શરૂઆત થિયેટરથી થઈ હોવાથી અભિનયના મૂળ સ્વરૂપ પ્રત્યે તેમને વિશેષ લગાવ છે. આ કારણે જ ડ્રામા, ટેલિવિઝન સિરિયલ અને ફિલ્મ એવા ત્રણેય માધ્યમો તેમને સમાન રીતે પ્રિય છે અને દરેક માધ્યમમાં અભિનય કરવાની તકને તેઓ ઉત્સાહપૂર્વક સ્વીકારે છે.

જાણીતા મોટીવેશનલ સ્પીકર શ્રીમતી અંકિતા મુલાણીએ પોતાના પ્રેરણાત્મક સંબોધનમાં A થી Z સુધીના જીવનના સાચા અર્થો અત્યંત સરળ અને અસરકારક રીતે સમજાવ્યા. તેમણે A for Aim, B for Belief, C for Concentration, D for Discipline, E for Effort એમ કરીને દરેક અક્ષર સાથે જીવનમાં સફળતા માટે જરૂરી મૂલ્યો અને આચરણોની વિગતવાર સમજ વિદ્યાર્થીઓને આપી હતી. આ રજૂઆત દ્વારા તેમણે જીવનને યોગ્ય દિશા આપતી વિચારસરણી વિકસાવવાની પ્રેરણા આપી હતી.

તેમણે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ, પૂર્વ ઉપ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા મહાન વ્યક્તિત્વોના જીવનપ્રસંગો રજૂ કરી વિદ્યાર્થીઓને દેશપ્રેમ, શિસ્ત અને મૂલ્યોનું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ, ઝીરોમાંથી હીરો બની વિશાળ બિઝનેસ સામ્રાજ્ય ઊભું કરનાર સુશ્રી કલ્પના સરોજ, અકસ્માતમાં એક પગ ગુમાવ્યા છતાં અદમ્ય સંકલ્પ સાથે માઉન્ટ એવરેસ્ટ સર કરીને વિશ્વની પ્રથમ મહિલા એમ્પ્યુટી બનનાર સુશ્રી અરૂણીમા સિન્હા તથા જન્મથી જ ૪૦ ફ્રેક્ચર સાથે સંઘર્ષભર્યું જીવન જીવતા છતાં અડગ આત્મવિશ્વાસથી સફળતા હાંસલ કરનાર શ્રી સ્પર્શ શાહ જેવા પ્રેરણાદાયક ઉદાહરણો આપી તેમણે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને સંકલ્પશક્તિ જાગૃત કરી હતી.

સુરતના નાયબ પોલીસ કમિશનર શ્રીમતી શૈફાલી બરવાલે (IPS) પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, પિતાથી પ્રેરણા લઈ નાનપણથી જ આઈપીએસ ઓફિસર બનવાનું સ્વપ્ન તેમણે સેવ્યું હતું અને સતત અભ્યાસ તથા મહેનતના પરિણામે તેઓ આઈપીએસ ઓફિસર બન્યા છે, પરંતુ નોકરી દરમ્યાન સમાજની વાસ્તવિક પરિસ્થિતિનો અનુભવ થયો, જ્યાં ઘણી એવી બાળકીઓ છે જેમને મૂળભૂત શિક્ષણ પણ મળતું નથી. આ સંદર્ભે તેમણે વિદ્યાર્થિનીઓને સંબોધતા કહ્યું કે, તમને અભ્યાસ કરવાની અને આગળ વધવાની તક મળી છે, એ પોતે જ એક મોટું સૌભાગ્ય છે, તેથી



**ચેમ્બરના પ્રમુખ**
**શ્રી નિખિલ મદ્રાસી**



**ચેમ્બરના ઉપ પ્રમુખ**
**શ્રી અશોક જીરાવાલા**



**અભિનેત્રી**
**શ્રીમતી વંદના પાઠક**

તેનો સંપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, મહિલાઓએ પરસ્પર સહયોગ અને એકતા સાથે આગળ વધવું અત્યંત જરૂરી છે. ગુજરાત રાજ્યમાં પોલીસ વિભાગમાં મહિલાઓ માટે ૩૩ ટકા આરક્ષણ હોવાની માહિતી આપતા તેમણે કહ્યું કે, ગ્રાસરૂટ લેવલથી જ મહિલા પોલીસ સ્ટાફ કાર્યરત છે, જે અન્ય ઘણા રાજ્યોમાં જોવા મળતું નથી. મહિલા પોલીસ પેટ્રોલિંગ, કાયદો-વ્યવસ્થાની જાળવણી સહિતની જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી રહી છે, જેના કારણે ગુજરાત એક સુરક્ષિત રાજ્ય તરીકે ઓળખાય છે.

તેમણે મહિલાઓ અને વિદ્યાર્થિનીઓને પોલીસ મથકની મુલાકાત લઈ પોલીસની કામગીરીને નજીકથી સમજવાની સલાહ આપી હતી. વધતા જતા સાયબર ક્રાઈમના બનાવોની ચર્ચા કરતા તેમણે કહ્યું કે, આવી ઘટનાઓમાં મહિલાઓએ નિર્ભય બની પોલીસ ફરિયાદ નોંધાવવી જોઈએ, જેથી પોતાની સાથે બનેલી ઘટનાનું પુનરાવર્તન અન્ય મહિલાઓ સાથે ન થાય. તેમણે જનરક્ષક વાહનો માટે ૧૧૨ નંબર પર તરત સંપર્ક સાધવા અપીલ કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે, સમાજમાં હજી પણ ચાલતા જૂના રીતિરિવાજોમાં પરિવર્તન લાવવાની જરૂર છે અને મહિલાઓએ શિક્ષણ અને હિંમત સાથે આ બદલાવની આગેવાની લેવી જોઈએ.

ઉદ્યોગ સાહસિક શ્રીમતી હિમાની ભુવાએ જણાવ્યું હતું કે, આજની સ્ત્રી દરેક ક્ષેત્રમાં આત્મવિશ્વાસપૂર્વક આગળ વધી રહી છે. મહિલાઓએ ઘરકામની સીમાઓમાંથી બહાર આવી બિઝનેસ અને વ્યક્તિગત જીવન વચ્ચે સુમેળ સાધવો અત્યંત જરૂરી છે. તેમણે કહ્યું કે સફળતાની શરૂઆત હંમેશા નાનાં પગલાંથી થાય છે, તેથી મહિલાઓએ નાનકડી શરૂઆત કરીને આવતાં દરેક પડકારોને હિંમતપૂર્વક સ્વીકારવા જોઈએ. તેમણે ઉમેર્યું કે, જીવનમાં એક સ્પષ્ટ લક્ષ્ય નક્કી કરી તેને પ્રતિબદ્ધતાપૂર્વક અનુસરવાથી જ સફળતા પ્રાપ્ત થાય છે. એક લાખ મહિલાઓને આંત્રપ્રિન્યોર બનાવવાનું પોતાનું સ્વપ્ન પૂર્ણ થયા બાદ જ તેઓ આગળનું લક્ષ્ય નક્કી કરશે તેમ તેમણે દૃઢ વિશ્વાસ સાથે જણાવ્યું હતું.

વધુમાં તેમણે સાસુ-વહુના સંબંધોની મહત્તા પર પણ પ્રકાશ પાડી જણાવ્યું હતું કે, મહિલાઓએ માત્ર ઘર સુધી સીમિત ન રહી, પરંતુ શિક્ષણ, પરિવાર, સમાજ અને દેશની જવાબદારી પણ સમર્થ રીતે સંભાળવી જોઈએ. અંતે તેમણે જણાવ્યું કે, માનવ તરીકે સેવા કરવી એ જ સાચો ધર્મ છે અને આ ભાવના સાથે કાર્ય કરવાથી જ સાચી સફળતા અને સંતોષ પ્રાપ્ત થાય છે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, સુરતના પૂર્વ મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, મહિલા સાહસિકો, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીનિઓ નેશનલ વુમન કોન્ક્લેવમાં ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના લેડીઝ વીંગના વાઈસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ કોન્ક્લેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. લેડીઝ વીંગના એડવાઈઝરો શ્રીમતી રેશ્માબેન માંડલેવાલા અને શ્રીમતી રોમાબેન પટેલ તથા સભ્યો શ્રીમતી નમ્રતાબેન દેસાઈ અને શ્રીમતી સીમાબેન માખણિયાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. ડો. બંદનાબેન ભટ્ટાચાર્ય અને શ્રીમતી સ્વાતિબેન શેઠવાલાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. વક્તાઓએ મહિલાઓ અને વિદ્યાર્થિનીઓના વિવિધ પ્રશ્નોના જવાબો આપી તેઓની મુંઝવણો દુર કરી શિક્ષણ, કારકિર્દી, વ્યવસાય, વ્યક્તિગત વિકાસ તથા સમાજસંબંધી મુદ્દાઓ પર માર્ગદર્શન આપીને આત્મવિશ્વાસ પૂરો પાડ્યો હતો.



**મોટિવેશનલ સ્પીકર**
**શ્રીમતી અંકિતા મુલાણી**



**DCP**
**શ્રીમતી શૈફાલી બરવાલ**
**(IPS)**



**શ્રીમતી હિમાની ભુવા**




# ટેક્સટાઇલ ઉદ્યોગમાં કલર પ્રિસિઝન માટે પેન્ટોન ટુલ્સના ઉપયોગ અંગે સેમિનાર

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પેન્ટોનના સહયોગથી તા. 9 જાન્યુઆરી, 2026ના રોજ સાંજે 5:00 કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે 'કલર પ્રિસિઝન ઈન ફેશન એન્ડ ટેક્સટાઈલ: લેવરેજિંગ પેન્ટોન ટુલ્સ ફોર ટેક્સટાઈલ ઈનોવેશન' વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે કલર કૉમ્બિનેશન એ જીવન સાથે વણાયેલો શબ્દ છે. કલર પાછળનું ગહન જ્ઞાન આ સેમિનારથી જાણવા મળશે, જેનો લાભ ટેક્સટાઈલ ઉદ્યોગને થશે.

મુખ્ય વક્તા એવા પેન્ટોનના સાઉથ એશિયાના શ્રી સેમ શાલગાંવકરે પેન્ટોનની એફએચઆઈ સિસ્ટમ અને અદ્યતન ડિજિટલ ટુલ્સ વિશે વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે સમજાવ્યું હતું કે કેવી રીતે આ ટુલ્સ દ્વારા ડિઝાઈનના કન્સેપ્ટથી લઈને પ્રોડક્શન સુધી રંગોમાં એકરૂપતા અને સચોટતા જાળવી શકાય છે. તેમણે કહ્યું કે અમે મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં કાર્યક્રમો કરીએ છીએ. ટાયર ટુ શહેરોમાં શરૂઆત સુરતથી કરી છે. મોટી બ્રાન્ડ્સ કલરનો અસરકારક રીતે ઉપયોગ કરે છે અને રંગોની ભાષા દ્વારા ગ્રાહકોને આકર્ષે છે. ટેક્સટાઈલ ઉદ્યોગમાં રંગોનું વિશેષ મહત્વ રહેલું છે.

તેમણે કલર મેનેજ કરવા સામેના પડકારો અને ઉકેલો વિશે માર્ગદર્શન આપતા પેન્ટોનના વિવિધ ટૂલ્સની ઉપયોગિતા સમજાવી હતી. સેમિનારના અંતે રસપ્રદ ક્વિઝ યોજાઈ હતી અને ઉપસ્થિત ઉદ્યોગકારો અને ડાઈંગ માસ્ટરો માટે પ્રશ્નોત્તરી સત્ર પણ યોજાયું



ચેમ્બરના ઉપપ્રમુખ
શ્રી અશોક જીરાવાલા

હતું, જેમાં શ્રી શાલગાંવકરે રંગોની છટા, રંગોના વર્તમાન પ્રવાહને લગતા વિવિધ પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા.

ચેમ્બરની ટેક્સટાઈલ ટાસ્ક ફોર્સના ચેરમેન અને ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતીએ આ કાર્યક્રમના ઉદ્દેશ્ય વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં ટકી રહેવા માટે ચોક્કસ કલર મેનેજમેન્ટ અનિવાર્ય છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ચેમ્બરની ટેક્સટાઈલ ટાસ્ક ફોર્સના સભ્ય શ્રી મનીષ બજરંગ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી કિરણ ઠુંમર પણ ઉપસ્થિત રહ્યા હતા.



પેન્ટોનના સાઉથ એશિયાના
શ્રી સેમ શાલગાંવકર

# NRI મેરેજ અવેરનેસ સેમિનાર




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન અને ચેમ્બર ઓફ કોમર્સ સુરત ખાતે કાર્યરત એનઆરજી સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તેમજ સાર્વજનિક યુનિવર્સિટીના સહયોગથી શુક્રવાર, તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સાર્વજનિક યુનિવર્સિટી, સુરત ખાતે NRI મેરેજ અવેરનેસ સેમિનાર યોજાયો હતો, જેમાં સુપ્રીમ કોર્ટના વકીલ પ્રિતિ જોશીએ વિદેશમાં સ્થાયી થયેલા યુવકો સાથે લગ્ન કરવા ઈચ્છુક યુવતિઓને મહત્વની તકેદારીઓ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ સેમિનારમાં નવી સિવિલ હોસ્પિટલના પ્રોફેસર અને



શ્રી પરેશ લાઠીયા



ડૉ. પારૂલ વડગામા



વકીલ પ્રિતિ જોશી

Respiratory Medicine Departmentના હેડ ડૉ. પારૂલ વડગામાએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું. તેમણે વિદ્યાર્થિનિઓને સંબોધતા જણાવ્યું હતું કે, વિદેશમાં વસતા યુવક સાથે લગ્ન કરવાનો નિર્ણય લેતા પહેલા પૂરતો સમય લઈને પરસ્પર ઓળખ વિકસાવવી અત્યંત જરૂરી છે. માત્ર સગાઈ કે પરિચયના આધારે તાત્કાલિક લગ્ન ન કરવાને બદલે, યુવકને ઓછામાં ઓછા વીસ વખત મળીને તેના સ્વભાવ, વિચારધારા અને વર્તણૂકને સારી રીતે સમજી લેવા જોઈએ. યુવકના પરિવારજનો વિષે તેમજ તેમના આડોશ-પાડોશમાં તેમની પ્રતિષ્ઠા અને માહોલ કેવો છે તે અંગે જાણકારી મેળવવા



માટે લગ્ન પહેલા એકવાર યુવકના વિદેશમાં ઘર અને પરિવારની મુલાકાત લેવી જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે, પહેલો પ્રેમ કોઈ અંતિમ સત્ય નથી, ઘણીવાર તે માત્ર ક્ષણિક આકર્ષણ હોય છે. લગ્ન એ જીવનનો અત્યંત મહત્વનો નિર્ણય હોવાથી તેમાં ભાવુકતાને સ્થાન આપવાને બદલે સમજદારી અને પરિપક્વતા જરૂરી છે. લગ્ન પછી પરિવારમાં જવાબદારીઓ વહેંચવી પડે છે અને લગ્નજીવન બે વ્યક્તિઓના વિચાર, સમજ અને વર્તણૂક પર ટકેલું હોય છે, આથી લગ્ન પહેલાં યુવક સામે પોતાની અપેક્ષાઓ છુપાવવી નહીં, પરંતુ તમામ બાબતોમાં સ્પષ્ટતા અને ખુલ્લા સંવાદ સાથે જ લગ્ન કરવાનો નિર્ણય લેવો જોઈએ.

ડો. વડગામાએ વધુમાં કહ્યું કે, લગ્ન પછી જો કોઈ કારણસર સંબંધ તૂટી જાય તો વિદેશમાં પોતાનું ભવિષ્ય સુરક્ષિત રહે તે માટે અભ્યાસ અથવા રોજગાર અંગે પહેલેથી જ એક વિકલ્પરૂપ યોજના મનમાં રાખવી જરૂરી છે, જેથી કોઈના આધાર વિના પણ ત્યાં આત્મનિર્ભરતા સાથે જીવન જીવી શકાય. તેમણે યુવતિઓને પોતાની તંદુરસ્તી અને આહાર પર વિશેષ ધ્યાન આપવાની, યોગ્ય ડાયેટ જાળવવાની પણ સલાહ આપી હતી, જેથી શારીરિક અને માનસિક સ્વસ્થતા સાથે આત્મવિશ્વાસપૂર્વક જીવન આગળ વધારી શકાય.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન શ્રી પરેશ લાઠીયાએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, હાલના ડિજીટલ યુગમાં સંબંધો ખૂબ ઝડપથી વિસ્તારે છે. પરિચય કેળવાતા, પરિપકવ થતા તે સંબંધ લગ્નમાં પરિણમે ત્યારે અનેક સાવચેતીઓ રાખવી જરૂરી છે અને જ્યારે લગ્ન સંબંધ વિદેશ સ્થાયી થયેલી વ્યક્તિ સાથે જોડાવાના હોય ત્યારે વધુ અગમચેતી રાખવી જરૂરી બને છે.

મુખ્ય વક્તા સુપ્રીમ કોર્ટના વકીલ પ્રિતિ જોશીએ વિદ્યાર્થીનિઓને સંબોધતા જણાવ્યું હતું કે, દિન પ્રતિદિન ભારતમાંથી વિદેશ જઇને વસનારાઓની સંખ્યામાં વધારો થઇ રહયો છે અને તેની સાથે લગ્નમાંથી ઉભી થતી સમસ્યાઓનો પણ વધારો થઇ રહયો છે અને તેને કારણે કેટલીક વખત જટિલ પ્રશ્નો ઉભા થતા હોય છે. બિન નિવાસી ભારતીયો સાથેના લગ્નની બાબતમાં માત્ર ભારતીય કાયદા જ નહીં, પરંતુ જે તે દેશની વધુ જટિલ કાનૂની પ્રથા સાથે જોડાયેલા ખાનગી અને આંતરરાષ્ટ્રીય કાયદા પણ લાગુ પડતા હોય છે, આથી આવા લગ્નોમાં જોખમ વધુ રહે છે.

ભાષાની મર્યાદા, સ્થાનિક પોલિસ અને કાનૂની પ્રથાની જાણકારીનો અભાવ અને ઝડપી મળી રહે તેવી નાણાંકીય સહાય તેમજ મુશ્કેલીના સમયમાં આશ્રય મેળવી શકાય એવા સ્થાનનો અભાવ જેવી અનેક સમસ્યાઓનો સામનો યુવતિઓને કરવો પડે છે, આથી યુવતિઓએ જે દેશમાં પરણવું હોય ત્યાંની ભાષા, ખોરાક, સંસ્કૃતિ, જીવનશૈલી અને ઘરના માહોલને ધ્યાનમાં રાખીને જ પરણવું જોઇએ. જે યુવાન સાથે પરણવું છે તેના વિષેની ચોકકસ માહિતી મેળવવી જોઇએ. તેમણે યુવતિઓને વિદેશમાં લગ્ન કરતા પહેલા મહત્વની તકેદારી રાખવાની સલાહ આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લગ્ન માટે કોઇ બ્યુરો, એજન્ટ, દલાલ કે મધ્યસ્થી પર આંધળો વિશ્વાસ ન મૂકવો. કોઇ પણ કારણોસર બનાવટી દસ્તાવેજો કરવા માટે તૈયાર ન થવું, લગ્નના આધારે ગ્રીનકાર્ડ મેળવી આપવાના વચનોથી ભોળવાઇ જઇ લગ્ન નહિ કરવા, બીજા દેશમાં જઇ લગ્ન કરવાનો પ્રસ્તાવ ન સ્વીકારવો, વિદેશમાં રહેતી વ્યક્તિનો લગ્ન દરજજો એટલે કે વ્યક્તિ કુવારી છે, છુટાછેડા કે વિધુર/વિધવા છે, ત્યકતા છે વિગેરેની ચકાસણી કરવી જોઇએ. આ ઉપરાંત ઈમીગ્રેશન સંબંધી સ્થિતિ, વીઝાના પ્રકાર, વિદેશમાં રહેવા તથા પતિ - પત્ની તરીકેની પાત્રતા, નાણાંકીય સંબંધી સ્થિતિ, સંપત્તિ, રહેઠાણનું સરનામું અને કુંટુંબની પાર્શ્વભૂમિ વિગેરે મુદ્દાઓની તકેદારીપૂર્વક ચકાસણી કરવી જોઇએ.

ગાંધીનગરના બિન-નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના પ્રતિનિધિ શ્રી પ્રજ્ઞેશ લવિંગિયાએ પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે અને સુરત ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

સાર્વજનિક યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રોફેસર કિરણ પંડયાએ પ્રાસંગિક સંબોધનમાં વિદ્યાર્થીનિઓને જણાવ્યું હતું કે, જ્યાં સુધી સંપૂર્ણપણે વિશ્વાસ નહીં હોય ત્યાં સુધી લગ્ન નહીં કરવા જોઇએ. જે વ્યક્તિ સાથે લગ્ન કરવાના છે તેના સ્વભાવ, વર્તણૂંક, પરિવાર અને આડોશ-પાડોશના માહોલ વિષે એનાલિસિસ કર્યા બાદ જ વિદેશમાં લગ્ન કરવા જોઇએ.

સાર્વજનિક યુનિવર્સિટીના ઇન્ચાર્જ રજિસ્ટ્રાર શ્રી આશિષ દેસાઇએ યુનિવર્સિટી તેમજ તેઓની વિવિધ પ્રવૃત્તિઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી પરેશ લાઠીયાએ અતિથિ વિશેષનો પરિચય આપ્યો હતો. ચેમ્બર ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર સુરતના કો-ચેરમેન શ્રી ચેતન શેઠે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. એનઆરજી સેન્ટર સુરતના સભ્ય એડવોકેટ પરેશ પારેખે મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. મુખ્ય વક્તા વકીલ પ્રિતિ જોશીએ વિદ્યાર્થીનિઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.

# MSMEના ઉત્થાન માટે FICCI અને SGCCI દ્વારા ‘એમ્પાવર MSME સમિટ 2026’




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે સોમવાર, તા. 12 જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ચેમ્બર ઓફ કોમર્સ અને FICCI એચઆર અને ફિક્કી CMSME દ્વારા ‘એમ્પાવર MSME 2026’ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટનો મુખ્ય વિષય “પડકારોથી તકો તરફ - MSME માટે આગળનો રોડમેપ (વેસ્ટ ચેપ્ટર)” હતો. સુરતમાં વેસ્ટ ચેપ્ટરથી શરૂઆત બાદ હવે દરેક પ્રદેશના શહેરોમાં આ પ્રકારની સમિટ યોજાશે.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે ચેમ્બર દ્વારા જ્ઞાન સંવર્ધન માટે વર્ષે 300થી વધુ કાર્યક્રમો થઈ રહ્યા છે. તેમણે ચેમ્બરના આંતરરાષ્ટ્રીય જોડાણોનો ઉલ્લેખ કરતા ઝિમ્બાબ્વે અને બોત્સવાનાના ટોચના નેતાઓની સુરત મુલાકાત અને સહયોગને ટાંક્યો હતો.

લુથરા ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ધ્રુવ લુથરાએ કહ્યું કે ભારતના એમએસએમઈને જોવા હોય તો ગુજરાતના એમએસએમઈ જ એનો પ્રિવ્યુ આપે છે. તેને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ કહેવાય છે પણ ધિરાણ માટે સંઘર્ષમય જોવા મળે છે. 5 વર્ષમાં નિકાસ કરતા એમએસએમઈની સંખ્યા ત્રણ ગણી થઈ ગઈ છે. જ્યાં ઉદ્યોગ છે, ત્યાં ઉજાસ છે.

કાર્યક્રમનું ખાસ આકર્ષણ ‘રેઝોન સોલર’ના ફાઉન્ડર શ્રી ચિરાગ નકરાણી સાથેની ફાઈરસાઈડ ચેટ હતી, જેમાં તેમણે તેમની સ્ટાર્ટઅપ સફળતાની ગાથા રજૂ કરી હતી. તેમની સાથે એક્સિસ બેંકના મિડ કોર્પોરેટ ગ્રુપ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ ગ્રુપના પ્રેસિડેન્ટ એન્ડ હેડ શ્રી પ્રશાંત ટી.એસે. વાત કરી હતી.

એક્સિસ બેંકના ટ્રેઝરી માર્કેટ સેલ્સના વડા શ્રી બ્રિજેશ બી. ચાલીલે સાંપ્રત પ્રવાહોને વણીને વૈશ્વિક બજાર પર પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો હતો.

વિવિધ વિષયો પર પેનલ ડિસ્કશન સમિટ દરમિયાન ચાર મુખ્ય ટ્રેક (સત્રો) પર ગહન ચર્ચાઓ કરવામાં આવી હતી:

1. ઈનોવેટિવ ફાઈનાન્સ અને ફિનટેક: આ સત્રમાં કેવી રીતે નાણાં, ફિનટેક અને વેપાર નવીનતાઓ સમગ્ર ભારતમાં







એમએસએમઈના વિકાસમાં પરિવર્તન લાવી રહી છે તેના પર વિગતે ચર્ચા થઈ. નિષ્ણાતો હતા: 1. શ્રી રતુલ મુખોપાધ્યાય, કાર્યકારી ઉપાધ્યક્ષ, એસઈજી, એક્સિસ બેંક 2. શ્રી નરેશ બાબુતા, જનરલ મેનેજર અને પ્રાદેશિક પ્રભારી, સિડબી 3. શ્રી નરેન્દ્ર શર્મા, ડિરેક્ટર-સેલ્સ, એમ1એક્સચેન્જ 4. શ્રી ઈન્દ્રવિજય ગોહિલ, ચીફ ફાઈનાન્સ ઓફિસર, ઓનલાઈન પીએસબી લોન. તેમણે ઉભરતા ડિજિટલ ધિરાણ મોડલ, ફિનટેક સંચાલિત ક્રેડિટ એક્સેસ, સપ્લાય ચેઈન ફાઈનાન્સિંગ, નિકાસ-સક્ષમ પ્લેટફોર્મ અને ખરીદી અને ચૂકવણીને સરળ બનાવતા સ્માર્ટ વેપારી પોર્ટલ પર ચર્ચા કરી. આ વાતચીતમાં નીતિ માળખા, બેંકિંગ ભાગીદારી અને નાણાકીય તકનીકો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો જે એમએસએમઈને કામગીરીને મજબૂત કરવામાં, નવા બજારોમાં વિસ્તરણ કરવામાં અને સ્થિતિસ્થાપક, ભવિષ્ય માટે તૈયાર બિઝનેસીસના નિર્માણમાં મદદ કરે છે. પ્રાઈસવોટરહાઉસકૂપર્સ પ્રાઈવેટ લિમિટેડનાં ડિરેક્ટર સુશ્રી માલતીએ પેનલ ડિસ્કશનનું સંચાલન કર્યું હતું.

2. રેઝિલિયન્ટ ડિઝાઈન અને ટેલેન્ટ: આ સત્રમાં એમએસએમઈ કેવી રીતે સમાવિષ્ટ પ્રથાઓ, ચપળ સંગઠનાત્મક ડિઝાઇન, સતત કૌશલ્ય અને આધુનિક પ્રતિભા સંપાદન વ્યૂહરચનાઓ દ્વારા લોકો, ક્ષમતાઓને મજબૂત કરી શકે છે તેનું અન્વેષણ કરવામાં આવ્યું. નિષ્ણાત વક્તાઓ હતા: શ્રી રમેશ શેષાદ્રી, એલ એન્ડ ટી-એમ.એચ.આઈ. પાવર બોઈલર્સ પ્રા. લિ.ના વી.પી. 2. શ્રી મનોજ શર્મા, સીએચઆરઓ, આરતી ઈન્ડસ્ટ્રીઝ 3. ડૉ. નિરવ મંદિર, ચીફ હ્યુમન કેપિટલ એન્ડ સસ્ટેનેબિલિટી ઓફિસર, શ્રી રામકૃષ્ણ એક્સપોટર્સ પ્રાઈવેટ લિમિટેડ. 4. શ્રી શાંતનુ દાસ, સિનિયર વીપી-માનવ સંસાધન, ઝાયડસ વેલનેસ. નિષ્ણાતોએ બહુ-કુશળ ટીમો વિકસાવવા માટે વ્યવહારુ અભિગમો, ભરતી, કામગીરી અને કાર્યબળ વિકાસને સુવ્યવસ્થિત કરવા માટે પરવડે તેવા ડિજિટલ એચઆર ટુલ્સ અપનાવવા અંગે ચર્ચા કરી હતી. આ સત્રનું સંચાલન સિનિયર કોર્પોરેટ ટ્રેનર અને બિઝનેસ ગ્રોથ સ્ટ્રેટેજિસ્ટ શ્રી મૃણાલ શુક્લે કર્યું હતું.

3. ઓટોમેશન અને AI: આજના ઝડપી ગતિવાળા વ્યવસાયિક વાતાવરણમાં, ઓટોમેશન હવે એક વૈભવી વસ્તુ નથી- તે એક જરૂરિયાત છે, ખાસ કરીને ઓછા સાથે વધુ કરવા માટે પ્રયાસ કરી રહેલા એમએસએમઈ માટે. આ પેનલ ડિસ્કશનમાં નિષ્ણાતો તરીકે 1. સુશ્રી તુલિકા સિંહ, સ્ટ્રેટેજિક ગ્રોથ લીડ, ભારત ક્લાઉડ 2. શ્રીમતી પ્રેમિકા ચંદ્રશેખરન, ડિરેક્ટર-ઇ-કોમર્સ અને ચેનલ મેનેજમેન્ટ, સ્નેઈડર ઈલેક્ટ્રિક 3. શ્રી અનુજ તેલી, મુખ્ય માહિતી અને સુરક્ષા અધિકારી, સિગનેટ હાજર રહ્યા હતા. શ્રી વિવેક કૌશલ, એસોસિયેટ ગ્રુપ મેનેજર-AI, ટેલિ સોલ્યુશન્સ દ્વારા સંચાલન કરવામાં આવ્યું. નિષ્ણાતોએ એમએસએમઈ ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, ગ્રાહક સેવા, ફાઈનાન્સ, એચઆર અને સપ્લાય ચેઈન જેવી મુખ્ય કામગીરીને સુવ્યવસ્થિત કરવા માટે એઆઈ અને પરવડે તેવા ટેક ટૂલ્સનો લાભ લઈ શકે છે તેના પર પ્રકાશ પાડ્યો.

4. નવા લેબર કોડ અને અનુપાલન: ભારત સરકારના રિજનલ પીએફ કમિશનર શ્રી સંજય સિંહ ગુર્જરે નવા લેબર કોડ અને તેના અમલીકરણ અંગે મુખ્ય સંબોધન કર્યું હતું. ખાસ કરીને નવા શ્રમ સંહિતાઓ વિશે એમએસએમઈએ શું જાણવું જોઈએ તેની રસપ્રદ માહિતી આપી હતી.

હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સલાહકાર શ્રી સતીશ આનંદે ઉદ્યોગ પરિપ્રેક્ષ્ય રજૂ કરીને જમીન પરના અમલીકરણ પડકારો, શ્રેષ્ઠ પદ્ધતિઓ અને મોટા પાયે પાલન ઈકોસિસ્ટમમાંથી શીખેલા પાઠ પર પ્રકાશ પાડ્યો હતો.

ઈવાયના ડિરેક્ટર શ્રી વૈભવ કુલકર્ણીએ જોખમ ઘટાડા, અનુપાલન માળખા અને બિઝનેસના વિકાસને ટકાવી રાખવા એમએસએમઈ અપનાવી શકે તેવા અનુપાલનનાં પગલાં પર સમજણ આપી હતી.

# સાંધાના દુખાવા અને ઓટો ઈમ્યુન રોગો અંગે જાગૃતિ સેમિનાર



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર તા. 18 જાન્યુઆરીના રોજ સવારે 10:30 કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે હેલ્થ સિરીઝ અંતર્ગત સાંધાના રોગો અને તેના નિવારણ-ઓટો ઈમ્યુન વિકાર વિશે અંગે એક વિશેષ શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના નામાંકિત રૂમેટોલોજિસ્ટ્સે ઉપસ્થિત રહીને લોકોને આરોગ્યલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સિનિયર રૂમેટોલોજિસ્ટ ડૉ. બંકિમ દેસાઈએ કહ્યું કે સંધિવા-આર્થરાઈટિસના લક્ષણો અને બીમારીનું નિદાન અને સારવાર એટલે રૂમેટોલોજી. ગાઉટ અને રૂમેટોઈડ આર્થરાઈટિસ વચ્ચે ઘણો મહત્વનો તફાવત છે એટલે તેનું નિદાન થવું ખૂબ જરૂરી છે. આનાથી તેને વધતો અટકાવી શકાય છે અને 90% કેસોમાં ઘણું



ચેમ્બરના પ્રમુખ
શ્રી નિખિલ મદ્રાસી



સિનિયર રૂમેટોલોજિસ્ટ
ડૉ. બંકિમ દેસાઈ



રૂમેટોલોજિસ્ટ
ડૉ. નિશિલ શાહ



રૂમેટોલોજિસ્ટ
ડૉ. નિશાંત દેસાઈ

સારું થઈ જતું હોય છે. સુગર અને પ્રેસરની જેમ આર્થરાઈટિસને કાબૂમાં લાવી શકાય છે. મહિલાઓમાં તે થવાની શક્યતા વધુ રહેતી હોય છે. સંધિવા નાના બાળકોને પણ થઈ શકે છે. તેમણે રૂમેટિક ફિવર વિશે પણ માહિતી આપી હતી.

ડૉ. નિશિલ શાહે લોકોમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓનું ખંડન કરતા કહ્યું કે દવાઓ ખરાબ નથી, રોગ વધારે ખરાબ હોય છે. અન્ય રૂમેટોલોજિસ્ટ ડૉ. નિશાંત દેસાઈએ પણ આ રોગ વિશે લોકોને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, વ્યવસાયિકો અને સભ્યો સેમિનારમાં ઉપસ્થિત રહ્યાં હતા.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારુલ વડગામાએ આ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતમાં આભારવિધિ ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં ત્રણેય તબીબીઓએ લોકોને મૂંઝવતા પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

# ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતોને રેગ્યુલરાઇઝ કરાવવા ચેમ્બરની ગાંધીનગર ખાતે રાજ્ય સરકારને રજૂઆત



## ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી સહિતના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે ગુજરાતના નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઇ દેસાઇને રૂબરૂ મળીને રજૂઆત કરી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના માર્ગદર્શનમાં માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી નિતિન ભરૂચા અને ડેપ્યુટી સેક્રેટરી શ્રી પૌલિક દેસાઇ સહિતના પ્રતિનિધિ મંડળે મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે રાજ્યના નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈને રૂબરૂ મળીને સુરત સહિત સમગ્ર રાજ્યમાં ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતોને રેગ્યુલરાઈઝ કરાવવા રજૂઆત કરી હતી.

ગુજરાત રાજ્યમાં ખાસ કરીને સુરત સહિત દક્ષિણ ગુજરાત તેમજ રાજ્યના અન્ય ઔદ્યોગિક વિસ્તારોમાં ઘણા ઉદ્યોગકારો

દ્વારા વર્ષોથી ઉદ્યોગો ચલાવવામાં આવી રહ્યા છે. આમાંથી અનેક ઉદ્યોગોની જમીન તથા મિલ્કતો કબજા રસીદ (Possession Receipt)ના આધારે ઉપયોગમાં લેવામાં આવી રહી છે. આવી મિલ્કતો પર ઉદ્યોગકારોએ મોટા પ્રમાણમાં મૂડી રોકાણ કરી ફેક્ટરીઓ, વર્કશોપ્સ, ગોડાઉન્સ તથા અન્ય ઔદ્યોગિક માળખું ઊભું કર્યું છે. વર્ષોથી આ ઉદ્યોગો કાર્યરત હોવા છતાં, કબજા રસીદ આધારિત મિલ્કતોના કારણે ઉદ્યોગકારોને અનેક વ્યવહારિક અને કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતો રેગ્યુલરાઇઝ ન હોવાથી ઉદ્યોગકારોને બેંકો તથા નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન, વર્કિંગ કેપિટલ અથવા વિસ્તરણ માટેની નાણાકીય સહાય મેળવવામાં મુશ્કેલી ઉભી થાય છે. ઉપરાંત, મિલ્કતના દસ્તાવેજો પૂર્ણ ન હોવાના કારણે ટ્રાન્સફર, વારસાઈ, રી-ડેવલપમેન્ટ તથા સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવવામાં પણ તેઓને મુશ્કેલીઓ ઊભી થાય છે.

સુરત જેવા ઔદ્યોગિક શહેરોમાં ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, એન્જિનિયરિંગ, કેમિકલ, ફૂડ પ્રોસેસિંગ સહિતના ક્ષેત્રોમાં આવા અનેક ઉદ્યોગો કાર્યરત છે, જે રાજ્યની અર્થવ્યવસ્થા, રોજગાર સર્જન અને નિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. ઉદ્યોગોની કબજા રસીદવાળી મિલ્કતોને નિયમિત કરવાની નીતિ અમલમાં આવશે તો ઉદ્યોગકારોને કાયદેસર સુરક્ષા મળશે, નવા રોકાણોને પ્રોત્સાહન મળશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે.

આથી, ચેમ્બર દ્વારા નાણાં અને શહેરી વિકાસ મંત્રીને વિનંતી કરવામાં આવી હતી કે, સુરત સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોની કબજા રસીદ આધારિત જમીન અને મિલ્કતોને નક્કી કરેલ નિયમો, ફી અને શરતોના આધારે એક વખતની નીતિ (One-Time Regularisation Policy) હેઠળ રેગ્યુલરાઇઝ કરવાની વ્યવસ્થા અમલમાં મૂકવા માટે યોગ્ય નિર્ણય લેવામાં આવે.

ગુજરાતના નાણાં અને શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ખૂબ જ શાંતિપૂર્વક સાંભળી હતી અને રાજ્ય સરકાર દ્વારા આ મામલે ગંભીરતાથી વિચારીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેમ જણાવ્યું હતું. આખા રાજ્યમાં ઉદ્યોગકારોની આ મુશ્કેલીને દુર કરવા માટે રાજ્ય સરકાર નવી યોજના લાવવાની દિશામાં આગળ વધી રહી છે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

# આંતરરાષ્ટ્રીય વેપારમાં કાર્ગોની સુરક્ષા માટે મરીન ઈન્શ્યોરન્સ અનિવાર્ય: ચેમ્બર દ્વારા માહિતીસભર સેમિનાર યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા, તા. 17 જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે 5:30 કલાકે, ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે 'મરીન ઈન્શ્યોરન્સ એન્ડ ક્લેઈમ્સ: સેફગાર્ડિંગ યોર કાર્ગો/સિક્યોરિંગ યોર બિઝનેસ' વિષય પર એક અત્યંત માહિતીપ્રદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધ ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડના ડિવિઝનલ



**ચેમ્બરના માનદ્ મંત્રી
શ્રી બિજલ જરીવાલા**



**ધ ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડના
ડિવિઝનલ મેનેજર શ્રી પુનિત પંડ્યા**

મેનેજર શ્રી પુનિત પંડ્યાએ કાર્ગો ઈન્શ્યોરન્સ કેવી રીતે લેવો, પોલિસીના પ્રકારો અને જો નુકસાન થાય તો ક્લેઈમ સેટલમેન્ટની પ્રક્રિયા કેવી રીતે સરળ બનાવી શકાય તે અંગે વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, ચેમ્બર વર્ષમાં 300થી વધુ આવા માહિતીસભર અને જ્ઞાનસભર કાર્યક્રમો યોજે છે. સુરત હવે નિકાસનું હબ બનતું જાય છે ત્યારે આ કાર્યક્રમનું વિશેષ મહત્વ છે.

મુખ્ય વક્તા શ્રી પુનિત પંડ્યાએ કહ્યું કે, દેશમાં વીમાની પહોંચ વધારવા સરકાર સતત પ્રયત્નો કરી રહી છે. આંતરરાષ્ટ્રીય વેપાર શરૂ થયો ત્યારથી દરિયાઈ વીમો ચાલતો આવ્યો છે. મરીન વીમા માટે સંસદે વિશેષ એક્ટ પણ પસાર કર્યો છે. તેની મહત્વની જોગવાઈઓની પણ તેમણે ચર્ચા કરી.

તેમણે કહ્યું કે, ઘણાં ઈન્ટરનેશનલ કન્વેશન પણ તેને અસર કરે છે. વીમાની પતાવટ સરળતાથી થાય એ માટે તેમણે વીમેદારની ફરજો પર ભાર મૂક્યો હતો અને કહ્યું કે વીમો એ કરાર છે અને 'અટમોસ્ટ ગુડ ફેથ' તેનો પાયાનો સિદ્ધાંત છે. આ સિદ્ધાંત મુજબ, વીમો લેનાર વ્યક્તિ અને વીમો આપનાર કંપની બંનેએ એકબીજાથી કોઈ પણ મહત્વની વિગત છુપાવવી જોઈએ નહીં. ખાસ કરીને વીમો લેનારે જોખમ સાથે જોડાયેલી તમામ સત્ય હકીકતો જાહેર કરવી અનિવાર્ય છે. કાર્ગોની પ્રકૃતિ, પેકેજિંગ અને મુસાફરીના માર્ગ વિશે સાચી માહિતી આપવી એ 'અટમોસ્ટ ગુડ ફેથ'નો ભાગ છે. જો કોઈ મહત્વની માહિતી છુપાવવામાં આવે, તો વીમા કંપની ક્લેઈમ નકારવાનો અધિકાર ધરાવે છે.

તેમણે ઉદાહરણ સાથે સમજાવ્યું કે, જ્યારે દરિયાઈ મુસાફરી દરમિયાન જહાજ, તેમાં રહેલો સામાન કે ક્રૂ મેમ્બર્સ પર કોઈ મોટું સંકટ આવે, અને તે સંકટમાંથી બધાને બચાવવા માટે જાણીજોઈને કોઈ ચોક્કસ સામાનનો ત્યાગ કરવામાં આવે અથવા કોઈ વધારાનો ખર્ચ કરવામાં આવે, ત્યારે તે નુકસાન માત્ર એક વ્યક્તિનું નથી ગણાતું. તે નુકસાન તમામ હિતધારકો (જહાજ માલિક અને તમામ કાર્ગો માલિકો) વચ્ચે વહેંચવામાં આવે છે. તેને 'જનરલ એવરેજ કંટ્રિબ્યુશન' કહેવાય છે. જો તમારી પાસે યોગ્ય મરીન ઈન્શ્યોરન્સ પોલિસી હોય, તો 'જનરલ એવરેજ' હેઠળ તમારે આપવો પડતો હિસ્સો વીમા કંપની ચૂકવે છે.

મરીન પોલિસી ફક્ત કાર્ગો જ કવર કરે છે એવું નથી. તેમણે સુએઝ કેનલમાં 2021ના બ્લોકેજનું ઉદાહરણ આપી સમજાવ્યું કે જ્યારે દરિયાઈ મુસાફરી દરમિયાન જહાજ કે કાર્ગો કોઈ ગંભીર જોખમમાં હોય (દા.ત. જહાજ ખડક સાથે અથડાય કે એન્જિન ફેલ થવાને કારણે ડૂબવાની તૈયારીમાં હોય), ત્યારે તેને બચાવવા માટે ત્રીજી વ્યક્તિ કે કંપની દ્વારા જે સેવા આપવામાં આવે છે, તેના બદલામાં ચૂકવવામાં આવતી રકમને સાલ્વેજ ચાર્જીસ કહેવામાં આવે છે. મરીન ઈન્શ્યોરન્સ પોલિસીમાં સાલ્વેજ ચાર્જીસને આવરી લેવામાં આવે છે. જો તમારી પાસે યોગ્ય વીમો હોય, તો વીમા કંપની તમારી વતી આ ચાર્જીસ ચૂકવે છે. સાથે જ તેમણે મરીન પોલિસીના પ્રકારો, કવરેજ, ટ્રાન્ઝિટ ક્લોઝ, કવરેજ ક્યારે શરૂ થાય, ક્યાં સુધી ચાલુ રહે, શું કવર નહીં થાય, સ્પોટ સર્વેની અગત્યતા વગેરે મુદ્દે સમજાવ્યું હતું.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી નીરવ માંડલેવાલાએ આજના વૈશ્વિક વેપારમાં મરીન ઈન્શ્યોરન્સના મહત્વ અને કાર્યક્રમના ઉદ્દેશ્ય વિશે સમજૂતી આપી હતી.

ચેમ્બરની ઈન્શ્યોરન્સ કમિટીના ચેરમેન શ્રી મેહરનોશ તોડીવાલા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન, વક્તાનો પરિચય અને આભારવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઓલ એક્ઝિબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર, ઉદ્યોગકારો, નિકાસકારો, એજન્ટો, સર્વેયરો અને ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને મરીન વીમા વિશે પ્રશ્નોત્તરી દ્વારા જાણકારી મેળવી હતી.




# સુરત કે સિતારે: શાર્ક ટેન્ક ઈન્ડિયામાં ચમકેલા સુરતના યુવા સાહસિકોએ શેર કરી સફળતાની ગાથા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે એક વિશેષ સત્ર ‘શાર્ક ટેન્ક: સુરત કે સિતારે’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરતના એવા સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સે ભાગ લીધો હતો કે જેમણે રાષ્ટ્રીય સ્તરે શાર્ક ટેન્ક ઈન્ડિયા જેવા પ્લેટફોર્મ પર સુરતનું નામ રોશન કર્યું છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, આ યુવા સિતારાઓએ સપનાંને સાકાર કરી સ્થાનિક વિચારને રાષ્ટ્રીય ઓળખ આપી છે.

ફાસ્ટ ફૂડ-વેજમાં દેશના 24 રાજ્યોના 175 શહેરોમાં ઝડપથી 400થી વધુ આઉટલેટ્સ ઊભા કરનાર ઝોર્કોના સહસ્થાપક શ્રી આનંદ નાહર (ZORKO)એ કહ્યું કે, કોવિડ દરમ્યાન અમારી શરૂઆત વેસુથી થઈ અને ફ્રેન્ચાઈઝી આપવા માંડી. સારા લોકોને હાયર કરવા હોય તો સારું પેકેજ આપવું પડે. મશીનરીની સાથે મેન પાવર પણ ખર્ચ કરવો પડે. સ્કેલેબલ કન્ઝ્યુમર બ્રાન્ડ કેવી રીતે ઉભી કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.



**ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા**



**ઝોર્કોના સહસ્થાપક શ્રી આનંદ નાહર**



**સોલાન્સ એનર્જી શરૂ કરનારા શ્રી યશ તરવાડી**



**ઝેબ્રા લર્ન એજ્યુ ટેક સ્ટાર્ટ અપ શરૂ કરનારા શ્રી અનુરાગ સુંદરકા**

મૂળ કેમિકલ એન્જિનિયર અને ક્લાઈમેટ ચેંજ જેવા મુદ્દે સંવેદનશીલ હોવાથી સોલાર સ્ટાર્ટઅપ સોલાન્સ એનર્જી શરૂ કરનાર યશ તરવાડીએ કહ્યું કે, સ્કેલેબિલિટી એ સ્ટાર્ટ અપનું સૌથી મહત્વનું વર્ટિકલ છે. રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટ મહત્વનું છે, અમે એપ શરૂ કરી બ્રાન્ડ્સ સાથે ટાઈ અપ કર્યું.

સિટિલાઈટ એરિયામાં ઝેબ્રા લર્ન એજ્યુ ટેક સ્ટાર્ટ અપ શરૂ કરનારા શ્રી અનુરાગ સુંદરકાએ પહેલાં પુસ્તકની પહેલી નિષ્ફળતાને સફળતામાં કેવી રીતે ફેરવી તેની વાત કરી. ભલે અમે પુસ્તકો આપીએ, વિઝ્યુઅલ ફર્સ્ટ અમારી અગ્રતા છે. શિક્ષણમાં ગુણવત્તા પર અમે ભાર આપીએ છીએ. અમે આગામી વર્ષોમાં વાંચેલા પુસ્તકાનું વિઝ્યુઅલ ફર્સ્ટ વર્ઝન આપવા માગીએ છીએ.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ રાષ્ટ્રીય પ્લેટફોર્મ પર સુરતના સાહસિકોના ઉદય વિશે ભૂમિકા બાંધી હતી. કાર્યક્રમના બીજા ચરણમાં એક ઈન્ટરેક્ટિવ પેનલ ડિસ્કશન અને પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેનું સંચાલન એન્ટરપ્રેન્યોર ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી રાકેશ દોશીએ કર્યું હતું.

ત્રણેય વક્તાઓએ વિવિધ પડકારો વિશે વાત કરીને સફળતા તરફ જવા માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કમિટીના સભ્ય શ્રી અશફાક કલકત્તાવાલા દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ચેમ્બરના સભ્યો અને સુરતના યુવા સ્ટાર્ટઅપ ઉત્સાહીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચેમ્બરે કેન્દ્ર સરકારને પ્રિ-બજેટ મેમોરેન્ડમ માટે મહત્વના ૧૫ સૂચનો મોકલ્યા હતા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના વેપાર - ઉદ્યોગને સ્પર્શતા અતિ મહત્વના ૧૫ સૂચનો કેન્દ્ર સરકારને પ્રિ-બજેટ મેમોરેન્ડમ માટે મોકલવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે.

**1. CBDT દ્વારા સ્પષ્ટીકરણાત્મક SOP જાહેર કરવામાં આવે.**

હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓને ધ્યાનમાં રાખીને CBDT દ્વારા વિવાદ ઘટાડવા માટે RBIની જેમ સ્પષ્ટતા કરનાર SOP જાહેર કરવી જોઈએ. આવકવેરા અધિનિયમના અમલ દરમિયાન છેલ્લા કેટલાંક વર્ષોમાં વિવિધ હાઈકોર્ટો દ્વારા ચુકાદાઓ આપવામાં આવ્યા છે. આવા ચુકાદાઓના કારણે ફિલ્ડ લેવલ પર કાર્યરત Assessing Officers માટે કાયદાનો સમાન અને યોગ્ય અમલ કરવો મુશ્કેલ બની જાય છે. પરિણામે, સમાન પરિસ્થિતિમાં અલગ-અલગ કરદાતાઓ સાથે જુદો જુદો વ્યવહાર થતો હોય છે, જેનાથી કરદાતાઓમાં અસંતોષ અને વ્યાપક વિવાદો ઊભા થાય છે, તેને કારણે આ માગણી કરવામાં આવી છે.

RBI દ્વારા બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રમાં નિયમન કરતી વખતે સમયાંતરે સ્પષ્ટતા કરનાર SOP જાહેર કરવામાં આવે છે, જેથી ફિલ્ડ લેવલ પર એકસરખો અમલ થાય અને નિયમનાત્મક અનિશ્ચિતતા દૂર થાય. એ જ રીતે, CBDT દ્વારા પણ હાઈકોર્ટના મહત્વપૂર્ણ અને વ્યાપક અસર ધરાવતા ચુકાદાઓનું વિશ્લેષણ કરીને, જ્યાં સુધી સુપ્રીમ કોર્ટનો અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી સ્પષ્ટીકરણાત્મક SOP જાહેર કરવાની પ્રથા વિકસાવવામાં આવે તે અત્યંત જરૂરી છે.

આવી SOP દ્વારા કયા મુદ્દાઓ પર અપીલ કરવી, કયા મુદ્દાઓ પર વિવાદ આગળ ન વધારવો તથા કઈ સ્થિતિમાં કરદાતાને રાહત આપવી તે બાબતો સ્પષ્ટ થઈ શકે. આથી અનાવશ્યક અપીલો, પુનરાવર્તિત લિટિગેશન અને સરકાર તથા કરદાતા બંને માટેનો સમય અને ખર્ચ બચી શકે છે. ઉપરાંત, "Ease of Doing Business" તથા "Non-Adversarial Tax Regime" જેવા સરકારના ઉદ્દેશ્યોને પણ વાસ્તવિક રીતે સિદ્ધ કરવામાં મદદ મળશે.

**2. બ્લોક એસેસમેન્ટની વ્યવસ્થા**

દર વર્ષે અલગ-અલગ સ્ક્રુટિનીના બદલે આંતરરાષ્ટ્રીય પ્રથાને અનુસરીને 2-3 વર્ષના બ્લોક માટે એસેસમેન્ટ કરવાની પદ્ધતિ અમલમાં લાવવામાં આવે. હાલમાં આવકવેરા વ્યવસ્થામાં દર વર્ષે અલગ-અલગ સ્ક્રુટિની અસેસમેન્ટ થવાથી એક જ પ્રકારના મુદ્દાઓ વારંવાર ઉઠે છે, જેના કારણે કરદાતાઓ અને કરવેરા પ્રશાસન બંને પર અનાવશ્યક પ્રશાસકીય ભાર પડે છે. સતત સ્ક્રુટિનીના કારણે વ્યવસાયિક નિશ્ચિતતા ઘટે છે અને લાંબા સમય સુધી કરદાતાઓ પર અનુપાલનનું દબાણ રહે છે. આ મુદ્દા પર તાજેતરમાં દિલ્હી હાઈકોર્ટ દ્વારા પ્રણય રોય અને રાધિકા રોય (NDTV) સંદર્ભે આપવામાં આવેલો ચુકાદો નોંધપાત્ર છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક વિકસિત દેશોમાં 2થી 3 વર્ષના બ્લોક માટે એસેસમેન્ટ કરવાની પદ્ધતિ અપનાવવામાં આવે છે, જેમાં કરદાતાની આવક, ખર્ચ અને પાલનની એકસાથે સમીક્ષા કરવામાં આવે છે. આવી પદ્ધતિથી સમાન મુદ્દાઓ પર પુનરાવર્તિત

તપાસ ટળે છે, કરવેરા અધિકારીઓનો સમય બચે છે અને સમગ્ર પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બને છે.

બ્લોક એસેસમેન્ટ અમલમાં મૂકવાથી કરદાતાને લાંબા ગાળાની સ્પષ્ટતા અને સ્થિરતા મળશે તથા "Ease of Doing Business"ના ઉદ્દેશ્યોને વેગ મળશે. સાથે સાથે, કરવેરા પ્રશાસન માટે પણ ગુણવત્તાસભર એસેસમેન્ટ અને વિવાદોમાં ઘટાડો શક્ય બનશે.

### 3. ટ્રાન્સફર પ્રાઈસિંગ માટે અલગ એસેસમેન્ટ

ટ્રાન્સફર પ્રાઈસિંગ અને નોન-ટ્રાન્સફર પ્રાઈસિંગ માટે અલગ-અલગ અસેસમેન્ટ પ્રક્રિયા અપનાવવામાં આવે. ટ્રાન્સફર પ્રાઈસિંગના મુદ્દાઓ અત્યંત ટેક્નિકલી, આંતરરાષ્ટ્રીય ધોરણો આધારિત અને વિશેષ જાણકારી માંગતા હોય છે, જ્યારે નોન-ટ્રાન્સફર પ્રાઈસિંગ એસેસમેન્ટ સામાન્ય આવકવેરા મુદ્દાઓ સુધી મર્યાદિત હોય છે. બંનેને એક જ એસેસમેન્ટ પ્રક્રિયામાં લેવાના કારણે સમય વેડફાય છે અને અનાવશ્યક વિવાદો ઊભા થાય છે. ટ્રાન્સફર પ્રાઈસિંગ માટે અલગ એસેસમેન્ટ અને વિશેષ અધિકારીઓની વ્યવસ્થા કરવાથી પ્રક્રિયા વધુ કાર્યક્ષમ અને ગુણવત્તાસભર બનશે, આથી કરદાતાને સમયસર નિષ્કર્ષ મળશે અને લાંબા ગાળાની લિટિગેશનમાં નોંધપાત્ર ઘટાડો થશે.

### 4. કલમ 158ABનો અસરકારક અમલ

સુપ્રિમ કોર્ટમાં સમાન મુદ્દા પેન્ડિંગ હોય તેવા કેસોમાં અપીલ ન કરવામાં આવે અને પ્રોટેક્ટિવ એસેસમેન્ટની પ્રથા અપનાવવામાં આવે. આવકવેરા અધિનિયમની કલમ 158ABનો હેતુ એ છે કે જ્યારે સમાન કાનૂની મુદ્દો સુપ્રિમ કોર્ટમાં પેન્ડિંગ હોય ત્યારે પુનરાવર્તિત અપીલો ટાળવામાં આવે. વ્યવહારિક રીતે આ જોગવાઈનો ફિલ્ડ લેવલ પર પૂરતો અમલ થતો નથી, જેના કારણે અનાવશ્યક લિટિગેશન વધે છે. આવા કેસોમાં પ્રોટેક્ટિવ એસેસમેન્ટ અપનાવવાથી સરકારના હિતોની સુરક્ષા પણ રહેશે અને કરદાતાને લાંબા સમય સુધી અપીલ પ્રક્રિયામાં ખેંચાવું નહીં પડે. આથી ન્યાયિક સમય, પ્રશાસકીય સંસાધનો અને ખર્ચમાં નોંધપાત્ર બચત શક્ય બનશે.

### 5. રિવાઈઝ્ડ રિટર્ન દ્વારા કરાયેલા ક્લેઈમની માન્યતા

અધિનિયમમાં સુધારો કરીને રિવાઈઝડ રિટર્ન દ્વારા કરાયેલા ક્લેઈમને અયોગ્ય ન ગણવામાં આવે.

### 6. સ્પષ્ટીકરણાત્મક જોગવાઈ પુનઃ અમલ–સંક્ષિપ્ત વિશ્લેષણ

હાલમાં એવું જોવા મળે છે કે, જે મુદ્દાઓ અપીલ, રેફરન્સ અથવા રિવિઝન હેઠળ વિચારાધીન હોય છે, તે જ મુદ્દાઓ પર ફરીથી રીએસેસમેન્ટ શરૂ કરવામાં આવે છે, જેના કારણે ડબલ કાર્યવાહી અને અનાવશ્યક વિવાદો ઊભા થાય છે. આવી પ્રથા કરવેરા વ્યવસ્થાની ન્યાયસંગતતા અને નિશ્ચિતતાને નુકસાન પહોંચાડે છે. સ્પષ્ટીકરણાત્મક જોગવાઈ પુનઃ અમલમાં લાવવામાં આવે તો ફિલ્ડ લેવલ પર એકસરખો અમલ શક્ય બનશે અને અતિશય લિટિગેશન ટળશે. ઉપરાંત, એસેસમેન્ટ ફરી ખોલવા માટે જારી કરવામાં આવતી શો-કોઝ નોટિસનો જવાબ આપવા માટે ઓછામાં ઓછા 15 દિવસનો સમય આપવાથી કરદાતાને યોગ્ય તૈયારી અને અસરકારક પ્રતિસાદ આપવા ન્યાયસંગત તક મળશે. આ સુધારાથી "Non-Adversarial Tax Regime"નો ઉદ્દેશ્ય સાકાર થશે અને કરદાતા તથા પ્રશાસન વચ્ચે વિશ્વાસ વધશે.

### 7. રિટર્ન ફાઈલ કરવાની સમયમર્યાદા 31 માર્ચ સુધી

સુધારેલ તથા બેલેટેડ રિટર્ન ફાઈલ કરવાની સમયમર્યાદા 31 માર્ચ સુધી ઉપલબ્ધ રાખવામાં આવે.

### 8. રિફંડ માટે સમયમર્યાદા અને વધારાનો વ્યાજ દર

રિફંડ 30 દિવસમાં આપવામાં આવે અને વિલંબ થાય તો 9% વાર્ષિક વ્યાજ ચૂકવવાની જોગવાઈ કરવામાં આવે.

### 9. Prior Period Expensesની કપાત

વ્યવસાયિક વ્યવહારોમાં ઘણીવાર કેટલાક ખર્ચો અગાઉના વર્ષ સાથે સંબંધિત હોવા છતાં તેનો નિર્ધારણ અથવા બીલ મોડું પ્રાપ્ત થવાને કારણે વર્તમાન વર્ષમાં થાય છે. હાલની કાનૂની સ્થિતિ મુજબ આવા ખર્ચોને ટેક્નિકલ કારણોસર નામંજૂર કરવામાં આવે છે, જેના કારણે વાસ્તવિક નફા કરતા વધુ કર ભરવાનો ભાર કરદાતાને સહન કરવો પડે છે. કલમ 37(1) હેઠળ અગાઉના સમયગાળાના વાસ્તવિક અને વ્યવસાય સંબંધિત ખર્ચને વર્તમાન વર્ષમાં કપાત તરીકે મંજૂરી આપવાથી યોગ્ય આવક ગણતરી શક્ય બનશે. આથી અનાવશ્યક વિવાદો ઘટશે અને એકાઉન્ટિંગ તથા કરવેરા વચ્ચે સુસંગતતા વધશે. ઉપરાંત, કરદાતાઓને અપીલ પ્રક્રિયામાં જવું નહીં પડે અને સ્વૈચ્છિક પાલન પ્રોત્સાહિત થશે.

### 10. સ્પષ્ટ વ્યવસાયના નુકસાનનું સેટ-ઓફ

કલમ 5AD હેઠળના વ્યવસાય નુકસાનને અન્ય વ્યવસાયના નફા સામે સેટ-ઓફ કરવાની મંજૂરી આપવામાં આવે.

### 11. MSME અને માઈક્રો એન્ટરપ્રાઈઝ માટે રાહત

માઈક્રો એન્ટરપ્રાઇઝ માટે પ્રિઝમ્પટિવ ટેક્સેશન યોજનાની ટર્નઓવર મર્યાદા રૂ. 2 કરોડથી વધારીને રૂ. 10 કરોડ કરવામાં આવે.

### 12. TDS દરોની સરળતા

વિવિધ TDS દરોના કારણે થતા વિવાદો ઘટાડવા TDS સ્લેબને માત્ર 3 સુધી મર્યાદિત કરવામાં આવે.

### 13. GST/B2B વ્યવહારો માટે કલમ 194Q રદ કરવી

GST હેઠળ આવતી તથા B2B વ્યવહારો માટે કલમ

194Q હેઠળનું TDS સંપૂર્ણપણે રદ કરવામાં આવે.

**14. સ્ટાર્ટઅપ્સ માટે નુકસાનની કેરી ફોરવર્ડની છૂટ**

DPIITમાં નોંધાયેલ સ્ટાર્ટઅપ્સ તથા LLP સ્વરૂપે સ્થાપિત સ્ટાર્ટઅપ્સને કલમ 79 મુજબ નુકસાનની કેરી ફોરવર્ડ અને સેટ-ઓફની છૂટ આપવામાં આવે.

**15. Updated Return માટે શરતોમાં ઢીલ**


કલમ 139(8A) હેઠળ અપડેટેડ રિટર્ન ફાઈલ કરવાની કડક શરતોમાં રાહત આપવામાં આવે.

**ટેક્સટાઇલના મુદ્દાઓ**

1. ટેક્સટાઈલના બેઝિક રો મટીરીયલ PTA અને MEG ઉપર ઈમ્પોર્ટ ડ્યુટી ઝીરો કરવાની રજૂઆત કરવામાં આવી છે.
2. MMF યાર્ન (પોલિએસ્ટર) પર ઈમ્પોર્ટ ડ્યુટી ઝીરો કરવા રજૂઆત કરાઈ છે.
3. સિલ્ક યાર્ન HSN કોડ 5002 ઉપર બેઝિક કસ્ટમ ડ્યુટી ઘટાડવાની રજૂઆત કરાઈ છે.
4. TTDS સ્કીમ અથવા નવી એ-ટફ સ્કીમ માટે રૂ. 1000 કરોડની માંગ કરવામાં આવી છે.
૫. સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવા માટે હાલમાં કોઈ સ્કીમ નથી, તેવા સંજોગોમાં સેન્ટર ઓફ એક્સલન્સ માટે ઓછામાં ઓછી રૂ. ૧૦૦ કરોડની માંગ કરવામાં આવી છે.
6. જૂની ટેક્સટાઈલ સ્કીમો જેવી કે યાર્ન બેન્ક સ્કીમ, ગ્રુપ વર્કશેડ સ્કીમ માટે રૂ. 50 કરોડની માંગ કરવામાં આવી છે.
7. સસ્ટેનેબલ મેન્યુફેક્ચરિંગ ઈન ટેક્સટાઈલ માટે રૂ. 500 કરોડની માંગ કરવામાં આવી છે.
૮. MSME માટે MSECDP સ્કીમમાં CFA (સેન્ટ્રલ ફાઈનાન્સિયલ આસિસ્ટન્ટ)ની મર્યાદા રૂ. 50 કરોડ સુધી કરવાની માંગ કરવામાં આવી છે.
૯. ટ્રેડર્સને માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઇઝની વ્યાખ્યામાં એવી રીતે ઉમેરવામાં આવે કે જેથી ઇન્કમ ટેક્સની સેક્શન 43 (B)(H)નો લાભ તેઓને મળી શકે.
10. MSME દ્વારા ઈમ્પોર્ટ સબસ્ટીટયુડ પ્રોડક્ટ બનાવવા માટે PLI સ્કીમ આપવામાં આવે, જેમાં ઇન્વેસ્ટમેન્ટ થ્રેસ હોલ્ડ લિમિટ પણ રિવાઈઝ MSMEની વ્યાખ્યા મુજબ કરવામાં આવે.
૧૧. MSME માટે પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કરવા માટે સ્પેશ્યલ ઈન્સેન્ટિવ સ્કીમ જાહેર કરવામાં આવે.
૧૨. સ્પેશિયાલિટી કેમિકલ સેક્ટરને ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો આપવામાં આવે અને એ પ્રમાણે બેંક ક્રેડિટનો લાભ આપવામાં આવે.
૧૩. લોજિસ્ટિક કોસ્ટ ઘટાડવા માટે દેશમાં વિવિધ જગ્યાએ ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ એર કાર્ગો ડેવલપ થાય એના માટે સ્પેશિયલ ફંડની ફાળવણી કરવામાં આવે.

# ગુજરાતમાં ઇનબાઉન્ડ ટુરિઝમની તકો અને વૃદ્ધિ અંગે વિશેષ સત્ર






**નેવર બિફોર હોલિડેઝના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. મધુ ગોપાલન**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નાનપુરા સ્થિત સમૃદ્ધિ ખાતે 'ઈનબાઉન્ડ ટુરિઝમ: તકો, વ્યૂહરચના અને વૃદ્ધિ' વિષય પર એક મહત્વપૂર્ણ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતમાં ઈનબાઉન્ડ ટુરિઝમ કેવી રીતે વિકસી શકે એ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા અને 'નેવર બિફોર હોલિડેઝ'ના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. મધુ ગોપાલને કહ્યું કે, ગુજરાતમાં ઈનબાઉન્ડ ટુરિઝમ માટે ઘણી તકો રહેલી છે. ઘણાં એનઆરજીઓ વિદેશમાં વસે છે, તેમને અને અન્ય વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટે સૌ પ્રથમ જરૂર છે એક સારી વેબસાઈટની, તે માહિતીસભર હોવી જોઈએ. તેમણે વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટેની નવીન વ્યૂહરચનાઓ, ડિજિટલ, આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ, મજબૂત ડેસ્ટિનેશન બ્રાન્ડિંગ અને સ્થાનિક સંસ્કૃતિના પ્રચાર પર ભાર મૂક્યો હતો.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં સ્ટેચ્યુ ઑફ યુનિટી, દ્વારકા જેવા ધાર્મિક સ્થળો, એશિયાટિક લાયન સહિત વન્ય જીવન અને અભ્યારણ્યો, કચ્છનું રણ, લાંબો દરિયાકિનારો- પર્યટન માટે જરૂરી તમામ તત્વો હાજર છે. સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, સલામતી છે, હેરિટેજ સ્થળો છે. તેમણે આ પર્યટન અને પ્રવાસ માટે પિચ કરવાની વ્યૂહરચના અને એક્શન પ્લાન વિશે સમજણ આપી હતી અને યુરોપ, અમેરિકા, કેનેડા, જાપાન. મધ્ય પૂર્વ જેવા હોટ ઈનબાઉન્ડ ટુરિઝમ માર્કેટ્સ ટાર્ગેટ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે તહેવાર ટુરિઝમ, ઈનબાઉન્ડ સર્કિટ્સ સહિતની પ્રોડક્ટ ડેવલપમેન્ટ સ્ટ્રેટેજી પર ભાર મૂક્યો હતો.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી સંજીવ ગાંધીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, આ સત્રથી ઈનબાઉન્ડ બિઝનેસ કેવી રીતે વધારવો એ સમજવા મળશે. તેમણે વક્તાનો પરિચય આપ્યો હતો.

ચેમ્બરની હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના ચેરમેન શ્રી વિનેશ શાહે આ કાર્યક્રમના હેતુ અને પ્રવાસન ઉદ્યોગના વર્તમાન પ્રવાહો વિશે માહિતી આપી હતી. તેમણે ઈનબાઉન્ડ, આઉટબાઉન્ડ અને ડોમેસ્ટિક ટુરિઝમનો તફાવત સમજાવતા કહ્યું કે, વિદેશી નાગરિકો આપણે ત્યાં આવે એ ઈનબાઉન્ડ ટુરિઝમ. શ્રી વિનેશ શાહે આભારવિધિ પણ કરી હતી.

હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના સભ્ય સુશ્રી આશિતા જરીવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સેમિનારના અંતે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું. આ પ્રસંગે હોસ્પિટાલિટી, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કમિટીના કો-ચેરમેન શ્રી આશિષ શાહ, સુરતના ટ્રાવેલ એજન્ટો અને આ ક્ષેત્ર સાથે સંકળાયેલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 21મી સદીમાં યોગનું મહત્વ પર વિશેષ સત્ર




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે 4:00 કલાકે નાનપુરા સ્થિત સમૃદ્ધિ ખાતે ‘૨૧મી સદીમાં યોગનું મહત્વ’ વિષય પર એક વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા તરીકે પધારેલા ‘રીઅલ લાઈફ યોગા’ના શ્રી વિજય વિરડિયાએ યોગ પ્રયોગો સાથે માર્ગદર્શન આપતા કહ્યું કે, માનસિક શાંતિ માટે યોગ જરૂરી છે. ભોજન, કસરત અને નિંદ્રાનું સંતુલન કરો એટલે સ્વાસ્થ્ય સારું. ત્રણ તત્વો વાત, પિત્ત અને વાયુનું સંતોલન કરવામાં યોગ મહત્વની ભૂમિકા ભજવે છે. ભોજન એટલે કે આહાર સંતુલિત હોવો જોઈએ. ડાયેટિંગ એટલે લોકો વજન ઉતારવું એમ માને છે પણ હકીકતમાં ડાયેટ એટલે પોષણક્ષમ ખોરાક. તેમણે લોકોને મિતાહારી બનવા અને ઋતુ પ્રમાણે આહાર લેવાની સલાહ આપી હતી.

તેમણે કહ્યું કે, આપણું શરીર પાંચ તત્વોનું બનેલું છે. સ્વસ્થ હોવાના 5 મુદ્દા છે: પહેલો મુદ્દો પેટ અંદર હોવું જોઈએ, પાચનશક્તિ બરાબર હોવી જોઈએ, ગાઢ નિદ્રા આવવી જોઇએ, પગ ગરમ, પેટ નરમ અને માથું ઠંડું હોવું જોઈએ, તણાવરહિત આનંદથી જીવવું. તેમણે કહ્યું કે, ખુરશી પર લાંબો સમય બેસવાથી પણ હાર્ટ પર દબાણ આવે છે. તેમણે ૨૧મી સદીના પડકારો જેમ કે માનસિક તણાવ, અનિદ્રા અને બેઠાડુ જીવનશૈલીથી થતા રોગો સામે યોગ કેવી રીતે રક્ષણ આપી શકે છે તે વિશે પ્રેક્ટિકલ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે રોજિંદા જીવનમાં આસન, સૂર્યનમસ્કાર, પ્રાણાયામ અને ધ્યાનનો સમાવેશ કરવા પર ભાર મૂક્યો હતો.




**રીઅલ લાઈફ યોગાના શ્રી વિજય વિરડિયા**

ચેમ્બરની આયુષ કમિટીના કો-ચેરમેન ડૉ. નિપેશ પટેલે સ્વાગત સંબોધન કરીને કાર્યક્રમની રૂપરેખા આપી હતી. તેમણે કમિટી દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. આયુષ કમિટીના સભ્ય સુશ્રી જયશ્રી પટેલે મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. સેમિનારના અંતે યોજાયેલા પ્રશ્નોત્તરી સત્રમાં લોકોએ યોગાભ્યાસને લગતી પોતાની મુંઝવણો રજૂ કરી હતી.




# સુરતના ઉદ્યોગ સાહસિકો એકવાર જે કામ લઇ લે છે તેમાં શીખીને ટોચ પર પહોંચી જાય છે, આ બાબત હું સુરતથી શીખીને જાઉ છું અને મારા બાળકોને પણ લાઇફમાં આવા એટિટ્યુડથી જીવવાની સલાહ આપીશ : શ્રીમતી શાલિની અગ્રવાલ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ (IAS)ની વડોદરા ખાતે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.ના ચીફ તરીકે બદલી થવાના અનુસંધાને ચેમ્બર દ્વારા તેમના માટે એક ગૌરવપૂર્ણ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શહેરના વિકાસમાં તેમના નોંધપાત્ર યોગદાનની નોંધ લઇને તેમને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

સમારોહમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શ્રીમતી શાલિની અગ્રવાલને શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કરીને તેમની સેવાઓ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી અને તેમના નવા કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા પૂર્વ પ્રમુખો શ્રી બી.એસ. અગ્રવાલ, શ્રી રાજેન્દ્ર ચોખાવાલા અને શ્રી અશોક શાહ તેમજ ચેમ્બરના ગૃપ ચેરમેન અને સુરતના શાસક પક્ષના દંડક શ્રી ધર્મેશ વાણિયાવાલાએ શ્રીમતી શાલિની અગ્રવાલના કાર્યકાળ દરમિયાન થયેલા વિકાસાત્મક કાર્યો, નિર્ણય પ્રક્રિયા તેમજ નાગરિક કેન્દ્રિત અભિગમની પ્રશંસા કરી હતી. તેમના નેતૃત્વ હેઠળ સ્વચ્છતા, શહેરી ઇન્ફ્રાસ્ટ્રકચર, ડિજિટલ ગવર્નન્સ તથા જાહેર સેવાઓમાં સુરત શહેરે નોંધપાત્ર પ્રગતિનો તેઓ દ્વારા ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.



**શ્રીમતી શાલિની અગ્રવાલ (IAS)**

ચેમ્બર પ્રમુખ સહિતના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, શ્રીમતી શાલિની અગ્રવાલે મ્યુનિસિપલ કમિશનર તરીકે તેમના કાર્યકાળ દરમિયાન સરકારી તંત્ર અને ઉદ્યોગજગત વચ્ચે સકારાત્મક સંકલન સાધી શહેરના સર્વાંગી વિકાસને નવી દિશા આપી છે. તેમના કાર્યશૈલીમાં દ્રઢતા સાથે માનવ સંવેદનશીલતા જોવા મળી, જે સુરત શહેર માટે અત્યંત

લાભદાયી સાબિત થઈ છે.

શ્રીમતી શાલિની અગ્રવાલે સંબોધનમાં સુરત શહેર સાથે જોડાયેલા અનુભવોને સ્મરણ કરતા જણાવ્યું હતું કે, મેરીટ અને પરફોર્મન્સના આધારે આઈએએસ ઓફિસરને તક આપવામાં આવે છે, એ ગુજરાત સરકારની ખાસિયત છે. ચારથી પાંચ જિલ્લાઓમાં કલેક્ટર તરીકે કામ કર્યું અને ત્યારબાદ બે કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કમિશનર તરીકે કાર્ય કરવાની તક મળી હતી. હવે મને પાવર અને એનર્જી સેક્ટરમાં સમગ્ર ગુજરાતની કામગીરી કરવાની તક મળી છે. ગુજરાતમાં જ મહિલા આઈએસ ઓફિસરને આવી તક મળી શકે છે.

સુરતને ત્રણ વર્ષ દરમિયાન જે એવોર્ડ મળ્યા છે તે બધા નાગરિકોના છે, અમે અધિકારીઓ તો માત્ર એને સ્વીકારવા જઈએ છીએ તેમ કહીને તેમણે બધા એવોર્ડ પ્રજાને સમર્પિત કર્યા હતા. પ્રજાની ભાગીદારી, પોઝિટિવ એટીટ્યુડ અને વિઝનને કારણે સુરતને આ તમામ એવોર્ડ પ્રાપ્ત થયા છે. સુરત એ ગ્લોબલ સિટી છે. સુરતના લોકોમાં ઇન્ટરનેશનલ એક્સપ્લોઝર જોવા મળે છે.

તેમણે કહ્યું કે, સુરત શહેર સમગ્ર ભારતમાં ટીપી (ટાઉન પ્લાનિંગ) ઈમ્પ્લિમેન્ટેશનમાં પણ લીડ કરી રહ્યું છે. ટીપીનો ડેવલપમેન્ટ પ્લાન બનાવવાનું કામ સૌથી અઘરું હોય છે પણ સુરતમાં ખૂબ જ સરળતાથી ટીપી બની જાય છે, મંજૂર થઈ જાય છે અને એનું અમલીકરણ પણ સરળતાથી થઈ જાય છે, જેના કારણે રોડ-રસ્તા, બીઆરટીએસ, સર્વિસ લાઈન, ફૂટપાથ, ગ્રીન કોરિડર, ફલાયઓવર બ્રિજ, ગાર્ડન, પબ્લિક હેલ્થ સેન્ટર અને સ્કૂલ વગેરે સુવિધાઓ સરળતાથી બનાવી શકાય છે.

સુરતમાં લોકો, એડમિનિસ્ટ્રેટિવ અને ઇલેકટીવ વિંગ ત્રણેય જ્યારે એક જ મેજ ઉપર હોય ત્યારે શહેર કેવી રીતે છલાંગ મારી શકે એનું જીવંત મોડલ એ સુરત શહેર છે. સુરતમાં ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં આવ્યો છે, જેના દક્ષિણ ગુજરાતના નોડલ ઓફિસર તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી છે, આથી તેઓ સુરતથી બદલી પામ્યા બાદ પણ ચેમ્બર ઓફ કોમર્સની સાથે સતત સંપર્કમાં રહેશે તેમ કહીને ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાનના અમલીકરણ માટે તેમણે ચેમ્બરને સહકાર આપવા માટે અનુરોધ કર્યો હતો.

ક્લાઈમેટ, ફ્લડ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત દરેક ક્ષેત્રમાં મને ખૂબ જ શીખવાની તક મળી છે. સુરતમાં દરેક લોકો પાસે ઘણું નોલેજ છે અને તેમના અનુભવ પરથી ઘણું બધું શીખવાની તક મળી છે, જેથી મારું નોલેજ પણ વધ્યું છે એવું તેમણે કહ્યું હતું. સુરતમાં ૮૫ લાખની વસ્તીમાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડનું બજેટ મહાનગરપાલિકાનું બને છે. શહેરો જ્યારે પ્રગતિ કરશે ત્યારે દેશનો જીડીપી પણ વધશે.

શ્રીમતી શાલિની અગ્રવાલે વધુમાં કહ્યું કે, પ્રેકિટકલ અનુભવ હોય અને બિઝનેસ માટેના ગટ્સ હોય તો પછી ડીગ્રી વિગેરે મેટર નથી કરતી. તમારા લાઇફ માટે શું એટિટ્યુડ છે, રિસ્ક લેવાનું અને નવા - નવા ઈનિશિએટીવ લેવાનું કેટલું એટિટ્યુડ છે તે મેટર કરે છે. સુરતના લોકો બીજા શહેરોમાં અને દેશોમાં જઇને રિસર્ચ કરે છે અને સુરતમાં કંપની શરૂ કરી અન્ય લોકોને રોજગારી આપે છે. સુરતના ઉદ્યોગ સાહસિકો એકવાર જે કામ લઈ લે છે તેમાં શીખીને ટોચ પર પહોંચી જાય છે, આ બાબત હું સુરતથી શીખીને જાવું છું અને મારા બાળકોને પણ આવું એટિટ્યુડ જીવવાની સલાહ આપીશ.

તેમણે વધુમાં કહ્યું હતું કે, મેટ્રો, બુલેટ ટ્રેન, એમએમટીએચ જેવા ઘણા બધા આઇકોનિક પ્રોજેકટ માટે કામ કરવાની તક મળી છે. સુરતના લોકો ટ્રાવેલ કરતા હોવાથી તેઓનું એકસપ્લોઝર વધે છે અને ઘણું શીખવા પણ મળે છે. વ્યક્તિગત રીતે પણ સુરતના શહેરીજનો પાસેથી ખૂબ જ શીખીને જાઉ છું એવું તેમણે વધુમાં કહ્યું હતું.



# કેન્સર અને અંગ પ્રત્યારોપણ અંગે જાગૃતિ સેશન




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત રવિવાર, તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'કેન્સર તથા અંગ પ્રત્યારોપણ' જેવા અતિ મહત્વના વિષયોને લઈને અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેશનમાં પ્રથમ વક્તા તરીકે ડો. મહેન્દ્ર ખાનપરા (MS, DrNB - ઓન્કો સર્જરી) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે 'પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર' પર માહિતી આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં જીવનશૈલીમાં થયેલા ફેરફારોને કારણે કેન્સરના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. તેમણે તંબાકુ સેવન, અસંતુલિત આહાર, વ્યાયામનો અભાવ અને તણાવ જેવા જોખમકારક પરિબળો વિશે સમજણ આપી હતી. સાથે જ નિયમિત આરોગ્ય તપાસ, શરૂઆતના લક્ષણોની ઓળખ અને સમયસર સારવાર દ્વારા કેન્સરને ઘણી હદ સુધી રોકી શકાય છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

બીજા વક્તા તરીકે ડો. નિકેત શાહે (MS, M.Ch. - GI & HPB, લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન) 'ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ - ફેક્ટ્સ એન્ડ મિથ્સ' સંદર્ભે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે અંગ પ્રત્યારોપણ અંગે સમાજમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ દૂર કરી, તેની વૈજ્ઞાનિક હકીકતો વિષે સરળ ભાષામાં સમજણ આપી હતી. તેમણે જણાવ્યું કે અંગદાન અને અંગ પ્રત્યારોપણ અનેક દર્દીઓના જીવનને નવી દિશા અને નવી આશા આપે છે. સાથે જ તેમણે અંગદાન અંગે જાગૃતિ વધારવાની આવશ્યકતા પર પણ ભાર મુક્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડો. રાજન દેસાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.



**ડો. મહેન્દ્ર ખાનપરા**




**ડો. નિકેત શાહ**

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી

## ચેમ્બરના હોદ્દેદારો અને ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓએ પદ્મશ્રી એવોર્ડ મેળવનાર ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ડોનેટ લાઇફના સ્થાપક શ્રી નિલેશ માંડલેવાલાનું સન્માન કર્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક દિવસના અવસર પર સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ધ્વજવંદન સમારોહ યોજાયો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉપસ્થિત ચેમ્બરના હોદ્દેદારો, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ, ગૃપ ચેરમેનો, મેનેજિંગ કમિટીના સભ્યો, લેડીઝ વીંગ અને વુમન આંત્રપ્રિન્યોર સેલના સભ્યો, ચેમ્બરના સભ્યો, એક્ઝિબિટર્સ, વિઝિટર્સ તેમજ સ્ટાફ કર્મચારીઓ સહિત દેશના તમામ નાગરિકોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ધ્વજવંદન સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની બધાને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા આપી હતી.

આ પ્રસંગે ઝિમ્બાબ્વેના ઉદ્યોગ અને વાણિજ્યના ડેપ્યુટી મિનિસ્ટર શ્રી રાજ મોદી, બોત્સ્વાના, ઘાના, અફઘાનિસ્તાન અને ઈથોપિયા વિગેરે દેશોના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.






પદ્મશ્રી એવોર્ડ મેળવી સમગ્ર દેશમાં સુરતનું નામ રોશન કરનાર ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને ડોનેટ લાઇફના સ્થાપક શ્રી નિલેશ માંડલેવાલાનું સન્માન કરવામાં આવ્યું હતું. ચેમ્બરના હોદ્દેદારો અને પૂર્વ પ્રમુખશ્રીઓએ શ્રી નિલેશભાઇને અભિનંદન આપ્યા હતા.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા પૂર્વ પ્રમુખશ્રીઓ, ચેમ્બરના સભ્યો અને સ્ટાફ કર્મચારીઓએ એકબીજાને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવી હતી.













# ચેમ્બર ઓફ કોમર્સ અને ટર્નિંગ પોઇન્ટ કોમ્યુનિટી દ્વારા 'યુથ કોન્ક્લેવ ૨૦૨૬' યોજાયો




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ટર્નિંગ પોઈન્ટ કોમ્યુનિટીના સહયોગથી શનિવાર, તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બપોરે ૧:૦૦ કલાકે પ્લેટીનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'યુથ કોન્ક્લેવ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અતિથિ વિશેષ તરીકે ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ લિ.ના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ ડો. મનોજ કુમારે અને નિષ્ણાંત વક્તા તરીકે કોર્પોરેટ ટ્રેઈનર અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ શ્રી નિર્મલ પારેખે યુવાનોને લીડરશિપ સ્કિલ્સ, કોમ્યુનિકેશન અને નિર્ણયક્ષમતાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, યુથ કોન્ક્લેવની થીમ 'ઈગ્નાઈટીંગ આઈડિયાઝ-શેપિંગ લીડર્સ-બિલ્ડિંગ ધ નેશન' પર રહી હતી,



**શ્રી આદિત્ય ભટ્ટ**



**ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ લિ.ના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. મનોજ કુમાર**



**કોર્પોરેટ ટ્રેઈનર અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ શ્રી નિર્મલ પારેખ**



**સોલેક્ષ એનર્જી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ચેતન શાહ**







**પેનલ ચર્ચા દરમ્યાન યુવાઓને સંબોધતા ડૉ. મોનિકા શર્મા**

**પેનલ ચર્ચા દરમ્યાન યુવાઓને સંબોધતા શ્રી માનવ ફિલિપ્સ**

જેનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં નવીન વિચારધારા, નેતૃત્વ ક્ષમતા અને રાષ્ટ્ર નિર્માણ પ્રત્યેની જવાબદારી વિકસાવવાનો હતો. દેશનું ભવિષ્ય યુવાનોના વિચારો, મૂલ્યો અને નેતૃત્વ પર નિર્ભર છે, આથી આ પ્રકારના કાર્યક્રમો યુવાનો અને વિદ્યાર્થીઓને દિશા આપવાની સાથે તેમને જવાબદાર નાગરિક અને લીડર બનવામાં મદદરૂપ થાય છે.

કોન્ક્લેવમાં અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવનાર ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ લિ.ના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. મનોજ કુમારે યુવાઓ તથા વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે સફળતા માટે લેખન, વાંચન અને મનન અત્યંત આવશ્યક છે. જીવનના લક્ષ્યને સંપૂર્ણ સ્પષ્ટતા સાથે નિર્ધારિત કરી તેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે પાવર ઓફ રિપીટિશનનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે કોઈ પણ લક્ષ્યને વારંવાર મનમાં દોહરાવવાથી અને સતત પ્રયત્નોથી તેને પ્રાપ્ત કરી શકાય છે. જે ક્ષેત્ર પ્રત્યે તમને પેશન છે, તે ક્ષેત્રમાં બજારમાં તેની માંગ છે કે નહીં અને તેના બદલામાં આર્થિક મૂલ્ય મળી શકે છે કે નહીં, તે સમજ્યા બાદ જ આગળ વધવું વધુ યોગ્ય અને વ્યવહારુ રહેશે તેવી તેમણે યુવાનોને સલાહ આપી હતી.

નિષ્ણાંત વક્તા તરીકે કોર્પોરેટ ટ્રેઈનર અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ શ્રી નિર્મલ પારેખે તેમના સંબોધનમાં યુવાનોને લીડરશિપ સ્કિલ્સ, કોમ્યુનિકેશન અને નિર્ણયક્ષમતાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જીવનમાં સફળતા માટે શિસ્ત, સતત શીખવાની ભાવના અને નૈતિક મૂલ્યોના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિ માત્ર ડિગ્રી પ્રાપ્ત કરીને લીડર બની જતી નથી, પરંતુ અનેક પડકારો, સંઘર્ષો અને મુશ્કેલીઓમાંથી પસાર થયા પછી જ તેમનામાં સાચું નેતૃત્વ વિકસે છે. લીડરનું મુખ્ય કામ માત્ર પોતાને આગળ વધારવાનું નથી, પરંતુ પોતાની સાથે જોડાયેલા લોકોને યોગ્ય રીતે માર્ગદર્શન આપી તેમને સંકલિત અને મેનેજ કરવાના હોય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સંસ્કારોથી સંસ્કૃતિનું નિર્માણ થાય છે, સંસ્કૃતિ ચારિત્રને આકાર આપે છે અને ચારિત્રથી વ્યક્તિત્વ ઘડાય છે. જીવનમાં દરેક વ્યક્તિ પરિસ્થિતિઓમાંથી શીખતો હોય છે અને એ અનુભવ જ સાચો ગુરુ બને છે. લીડરશિપ વિકસાવવા માટે વ્યક્તિએ પોતાના ઈગોને બાજુએ રાખવો જરૂરી છે અને સંપૂર્ણ એકાગ્રતાથી શીખવાની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે શીખવાની તૈયારી ધરાવતી વ્યક્તિ જ સાચો લીડર બની શકે છે.

સોલેક્ષ એનર્જી લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ચેતન શાહે યુવાનોને 'ટ્રિપલ ડી'ના સંકલ્પ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જીવન હોય કે વ્યવસાય, એમાં સફળતા મેળવવા માટે સૌપ્રથમ 'ડ્રીમ' એટલે કે મોટા સપનાઓ જોવાની હિંમત હોવી જરૂરી છે. આ સપનાઓને સાકાર કરવા માટે 'ડેર' એટલે કે પડકારો સામે ઊભા રહેવાની હિંમત અને જોખમ લેવાની તૈયારી જરૂરી બને છે. ત્યાર બાદ આ સપનાઓને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવા માટે 'ડિલિવર' એટલે કે સતત મહેનત, શિસ્ત અને પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરવું અનિવાર્ય છે. આ ટ્રિપલ ડીનું સૂત્ર જીવનમાં સફળતાનો મજબૂત માર્ગ બતાવે છે.

કોન્ક્લેવમાં ટેકનિકલ સેશન યોજાયું હતું, જેનું સંચાલન શ્રી મીત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેશનમાં ટર્નિંગ પોઈન્ટ કોમ્યુનિટીના ફાઉન્ડર શ્રી આદિત્ય ભટ્ટએ યુવાનોમાં પર્સનલ ગ્રોથ, ફોકસ અને હકારાત્મક દૃષ્ટિકોણ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

નવી દિલ્હી સ્થિત રશિયન હાઉસના યુથ પ્રોજેક્ટ્સની કો-ઓર્ડિનેટર સુશ્રી એનાસ્તાસિયા ઈલ્યુશિનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે યુથ પ્રોજેક્ટ્સ, સાંસ્કૃતિક વિનિમય અને વૈશ્વિક અવસરો અંગે








માહિતી આપી હતી.

યુથ કોન્ક્લેવના ચેરમેન શ્રી તન્મય તિવારીએ કોન્ક્લેવ અંગે માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે ટર્નિંગ પોઈન્ટ કોમ્યુનિટીના ઉપપ્રમુખ શ્રી કાવ્યા ચોકસીએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કોન્ક્લેવનું સંચાલન શ્રી યુવરાજ સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. સુશ્રી વિથિકા મિશ્રાએ કન્કુડીંગ રિમાર્કસ આપ્યા હતા.

યુથ કોન્ક્લેવ અંતર્ગત શૈક્ષણિક ક્ષેત્ર પર કેન્દ્રિત પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પેનલ ચર્ચામાં પેનલિસ્ટ્સ તરીકે ડો. દીપક રાજ્યગુરૂ (ફાઉન્ડર અને ચેરમેન – વાઈબ્રન્ટ ગૃપ ઓફ સ્કૂલ્સ, સુરત), ડો. મોનિકા શર્મા, (પ્રિન્સિપાલ – નંદૂબા ઈંગ્લિશ એકેડમી, સુરત), ડો. મિતા વકીલ (પ્રિન્સિપાલ – ભુલકા વિહાર સ્કૂલ, સુરત) અને સુશ્રી મેરી હીવલે (ડિરેકટર, કેરિયર કોચ, વડોદરા)એ યુવાનોના સર્વાંગી વિકાસ, શિક્ષણમાં બદલાતા ટ્રેન્ડ્સ અને કારકિર્દી માર્ગદર્શન અંગે મહત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા. પેનલ ચર્ચાનું સંચાલન સુશ્રી સારાહે કર્યું હતું. જ્યારે શ્રી વ્યોમ શાહે મોડરેટર તરીકેની ભૂમિકા ભજવી હતી.

યુવાનોની વિચારશક્તિ અને વક્તૃત્વ કૌશલ્ય વિકસાવવા માટે ડિબેટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ડિબેટર્સ તરીકે શ્રી શિવ જાની, શ્રી વંશ મુલચંદાની, સુશ્રી હેતવી કારિયા અને શ્રી આયુષ રાવે પોતાના વિચારો રજૂ કરી શ્રોતાઓને પ્રભાવિત કર્યા હતા. આ ડિબેટનું સંચાલન શ્રી ફરશાઝ દરાયસ માસ્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. મોડરેટર તરીકે શ્રી માનવ ફિલિપ્સે ભૂમિકા ભજવી હતી.

કાર્યક્રમના અંતિમ તબક્કે સુશ્રી રિદ્ધિ ગૌરે ક્લોઝિંગ ઈન્ટ્રોડકશન આપ્યું હતું અને ત્યારબાદ શ્રી દેવ બાબાણીના માર્ગદર્શન હેઠળ લીડરશિપ પ્લેજ લેવામાં આવી હતી, જેમાં યુવાનોએ જવાબદાર નેતૃત્વ અને રાષ્ટ્ર નિર્માણ માટે પ્રતિબદ્ધ થવાનો સંકલ્પ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ યુથ કોન્ક્લેવ ૨૦૨૬ યુવાનો માટે વિચાર, સંવાદ અને નેતૃત્વનો સશક્ત મંચ સાબિત થયો હતો.



# IPR દ્વારા સુરતના MSMEને સશક્ત બનાવવાનો પ્રયાસ




## SETU ફાઉન્ડેશન અને SGCCI દ્વારા MSME માટે બૌદ્ધિક સંપત્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

SETU ફાઉન્ડેશન અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે MSME મંત્રાલયની MSME Innovative Scheme અંતર્ગત IPR (Intellectual Property Rights) કોમ્પોનેન્ટ હેઠળ એક દિવસીય ઈન્ટેલેક્ટ્યુઅલ પ્રોપર્ટી અવેરનેસ પ્રોગ્રામનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની થીમ “Empowering Surat MSMEs through Intellectual Property Rights” રહી હતી.

SETU ફાઉન્ડેશનના ચેરમેન તથા SGCCIના પૂર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક વૈશ્વિક યુગમાં MSME ઉદ્યોગોએ પોતાના નવીન વિચારો, બ્રાન્ડ, ડિઝાઈન અને ટેક્નોલોજીનું સંરક્ષણ કરવું અત્યંત જરૂરી બની ગયું છે. IPR અંગેની યોગ્ય સમજ અને અમલથી MSME લાંબા ગાળે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ કરી શકે છે.

SGCCIના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત ઉદ્યોગનગરી તરીકે ઓળખાય છે અને અહીંના MSME ઉદ્યોગકારોને Intellectual Property Rights વિશે જાગૃત કરવું સમયની માંગ છે. SGCCI હંમેશા ઉદ્યોગોને માર્ગદર્શન અને નીતિગત સહાય આપવા પ્રતિબદ્ધ છે.

SETU ફાઉન્ડેશનની IPFCના હેડ CS. વિજયા મહેશ્વરીએ વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે પેટન્ટ, ટ્રેડમાર્ક, કૉપિરાઈટ, ડિઝાઈન રજિસ્ટ્રેશન તેમજ MSME મંત્રાલય દ્વારા મળતી IPR સંબંધિત સબસિડી અને સહાય યોજનાઓ અંગે



SETU ફાઉન્ડેશનના ચેરમેન
શ્રી હેતલ મહેતા



IPFCના હેડ CS.
વિજયા મહેશ્વરી



IP નિષ્ણાત
ડૉ. અનિલ સરાવગી



IP નિષ્ણાત
ડૉ. પંકજ ગાંધી

માહિતી આપી હતી. MSME માટે IPFC કેવી રીતે ઉપયોગી બની શકે તે પણ સમજાવ્યું હતું.

IP નિષ્ણાત ડૉ. અનિલ સરાવગીએ પોતાના સંબોધનમાં Intellectual Property Rightsના વ્યવહારુ પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઉદ્યોગકારોને IPRને ખર્ચ તરીકે નહીં પરંતુ રોકાણ તરીકે જોવાની સલાહ આપી હતી અને અનેક ઉદાહરણો દ્વારા IP પ્રોટેક્શનના ફાયદા સમજાવ્યા હતા.

IP નિષ્ણાત ડૉ. પંકજ ગાંધીએ MSME માટે IPRની વ્યૂહાત્મક મહત્વતા સમજાવતા કહ્યું હતું કે, નવીનતા અને બૌદ્ધિક સંપત્તિનું સંરક્ષણ ઉદ્યોગના મૂલ્યવર્ધન માટે અત્યંત આવશ્યક છે. તેમણે IP ફાઈલિંગની પ્રક્રિયા સરળ ભાષામાં સમજાવી હતી.

SETU ફાઉન્ડેશનના ડિરેક્ટર તથા SGCCI મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી પંકજ ત્રિવેદીએ કાર્યક્રમમાં ઉપસ્થિત ઉદ્યોગકારો, વ્યવસાયિકો તથા સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન SGCCIના ગ્રુપ ચેરમેન શ્રી પરેશ લાઠિયાએ કર્યું હતું.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન તેમજ સેતુ ફાઉન્ડેશનના ડિરેક્ટર શ્રી મયંક દલાલ, ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય તેમજ સેતુ ફાઉન્ડેશનના ડિરેક્ટર શ્રી પ્રદીપ પટેલ, ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા સુરતના MSME ઉદ્યોગકારોને Intellectual Property Rights અંગે પ્રાયોગિક જ્ઞાન પ્રાપ્ત થયું હતું, જે તેમને પોતાના વ્યવસાયને વધુ મજબૂત અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા ઉપયોગી બન્યું હતું.

# MSME અને લાર્જ એન્ટરપ્રાઇઝ માટે સાયબર સિક્યુરિટી અંગે જાગૃતિ સેશન




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા MSME તેમજ મોટા ઉદ્યોગોને વધતા સાયબર જોખમો સામે સજાગ અને સશક્ત બનાવવા માટે શુક્રવાર, તા. ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે એસપીબી હોલ, સંહતિ, સરસાણા, સુરત ખાતે "Cyber Security & Cyber Resilience Framework (CSCRF)" વિષય પર એક મહત્વપૂર્ણ જાગૃતિ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત વક્તા તરીકે એક્યુટાસ કેમિકલ્સ લિ.ના ચીફ ઈન્ફોર્મેશન સિક્યુરિટી ઓફિસર (CISO) શ્રી ચેતનસિંહ પરમારે સાયબર સિક્યુરિટી સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

નિષ્ણાત વક્તા એક્યુટાસ કેમિકલ્સ લિ.ના ચીફ ઈન્ફોર્મેશન સિક્યુરિટી ઓફિસર (CISO) શ્રી ચેતનસિંહ પરમારે સાયબર



**શ્રી નિખિલ મદ્રાસી**



**શ્રી ચેતનસિંહ પરમાર**

સિક્યુરિટી સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ફિશિંગ, રેન્સમવેર, ડેટા લીકેજ જેવા સાયબર હુમલાઓ MSMEથી લઈને મોટા ઉદ્યોગોને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. તેમણે Cyber Resilience પર ભાર મૂકતા કહ્યું હતું કે, માત્ર સિક્યુરિટી પૂરતી નથી, પરંતુ સાયબર હુમલા બાદ બિઝનેસ સતત ચાલુ રાખવાની તૈયારી પણ એટલી જ જરૂરી છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, CSCRF દ્વારા ઉદ્યોગો સાયબર હુમલાઓથી બચાવની સાથે સાથે સંકટ સમયે ઝડપથી પુનઃસ્થાપિત થવાની ક્ષમતા વિકસાવી શકે છે. તેમણે વાસ્તવિક ઉદાહરણો દ્વારા CSCRFના અમલ વિશે સરળ ભાષામાં વિસ્તૃત સમજણ આપી હતી.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સેશન દ્વારા MSME તથા લાર્જ એન્ટરપ્રાઇઝને Cyber Security & Cyber Resilience Framework (CSCRF) અંગે મહત્વપૂર્ણ માહિતી મળી હતી, જે તેઓને પોતાના ડિજિટલ વ્યવસાયને વધુ સુરક્ષિત અને મજબૂત બનાવવા ઉપયોગી બની હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલાએ મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની સાયબર સિક્યુરીટી કમિટીના ચેરમેન ડૉ. ચિંતન પાઠકે કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી આપી હતી. જ્યારે સાયબર સિક્યુરીટી કમિટીના એડવાઈઝર ડૉ. સ્નેહલ વકીલનાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.



SGCCI

# THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

## *We sincerely thank our Sponsors of Birthday Gifts*

More contributions are welcome for Birthday Gifts Contact: **+91 72111 73110**

ACT WITH ONE MIND

**SPECIAL**
**10% DISCOUNT**
FOR SGCCI
MEMBERS ONLY



SGCCI

SESDC
SGCCI EDUCATION HUB

GFRRC

**THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY**
**SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE**
**GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE**

## SHORT TERM COURSES FOR ENTREPRENEURS

| MANAGEMENT COURSE | Textile Courses |
|---|---|
| Master Class of Export Import | Textile @ A GLANCE |
| Enhanced Digital Marketing | Modern Yarn Preparatory |
| Stock Market Trading Course | Fabric Identification |
| Concept of Mutual Funds | Modern Weaving Technology |
| Office Automation with Google Workspace | Dobby & Jacquard Designing |
| Basic Microsoft Excel | Fabric Processing |
| Advanced Ms Excel | Technical Textile |
| Business Accounting | Garment Manufacturing |
| Accountant with Taxation | Circular Knitting |

**MORE DETAILS CONTACT**

**Mr. Kirtan Mehta (M) +91 72111 73123**
**Venue:** SGCCI, Samruddhi Building, Nanpura, Surat.
(E) education@sgcci.in (W) www.sgcci.in

SGCCI

# THE SOUTHERN GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(BUSINESS VOICE OF SOUTH GUJARAT SINCE 1940)

## UPCOMING EXHIBITIONS FOR THE YEAR 2025-26

14th EDITION SITEX SURAT INTERNATIONAL TEXTILE EXPO
25-26-27 APRIL 2026
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SGCCI WEALTH EXPO 2026
8-9-10 MAY

SMART EDUCATION EXPO 2026
15-16-17 MAY 2026

3rd Edition Surat Startup Summit '26
15-16-17 MAY 2026

SGCCI DiMaS
DIGITAL MARKETING SUMMIT & EXPO
15 16 17 MAY 2026

Health & Wellness Expo
15 16 17 MAY '26

SGCCI - CHEMEXCIL CHEMICAL & PHARMA EXPO
15-16-17 MAY 2026

Sport EXPO '26
15-16-17 MAY

## EXHIBITIONS FOR THE YEAR 2025-26

RAKHI SPECIAL SHRAVAN BUSINESS MELA
4-5-6 July 2025

4th EDITION WEAVE KNITT EXHIBITION 2025
THE COMPLETE FABRIC SHOW
18 19 20 JULY 2025
B2B Platform for Weavers & Knitters

7th EDITION YARN EXPO
An International Trade Show
1 2 3 AUG. 2025

संस्कृति
The Mega Art Festival
Celebrating Art, Culture & Handicraft
12th & 13th September, 2025

Diwali BUSINESS MELA
10-11-12 October 2025

12th EDITION SITEX SURAT INTERNATIONAL TEXTILE EXPO
22-23-24 NOV 2025
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

Art EXHIBITION SURAT
2 TO 4 JANUARY 2026

SITME '26
SURAT INTERNATIONAL TEXTILE & MACHINERY EXPO
09-10-11-12 JAN 2026
EMBROIDERY MACHINERY EXPO

6th EDITION SGCCI Food & Beverages EXPO
24 25 26 JANUARY 2026

SGCCI GLOBAL VILLAGE
GLOBAL EXCHANGE & TRADE EXHIBITION
24 25 26 JANUARY 2026

WEE'26
24-25-26 Jan. 2026

SGCCI EPE EXPO
ENERGY • POWER • ELECTRICAL
Powering the Future – Today
6-7-8 FEBRUARY 2026

Surat Art Street
@ SCET College
21 & 22 FEBRUARY 2026

13th EDITION SITEX SURAT INTERNATIONAL TEXTILE EXPO
21-22-23 FEB 2026
AN EXCLUSIVE TEXTILE MACHINERY EXPO

SURAT INTERNATIONAL auto expo 7th Edition
13-14-15-16 MARCH 2026
FUELLING THE FUTURE OF MOBILITY

AHMEDABAD Art EXHIBITION
19 TO 22 MARCH 2026

ACT WITH ONE MIND